
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

# SHREE ATMANAND PRAKASH




Vol - 6 Issue - 2

APRIL - 2006

એપ્રિલ– ૨૦૦૬

આત્મ સંવત : ૧૧૧

વીર સંવત : ૨૫૩૨

વિક્રમ સંવત : ૨૦૬૨

પુસ્તક : ૧03


माया - धनं स्थिरं न स्यान्नोपभोग्यं सुखेन च ।
अनेकोपद्रवाक्रान्तं नेतृ चामुत्र दुर्गतिम् ॥

માયા-કપટ યા અન્યાયથી પેદા કરેલું યા મેળવેલું
ધન ટકતું નથી અને સુખથી ભોગવી શકાતું નથી;
એવા લોહિયાણા પૈસાથી માણસ અનેક સંકટોમાં
પટકાય છે અને મરણોત્તર દુર્ગતિમાં પડે છે.

Wealth obtained hypocritically, dose not
last long and cannot be enjoyed happily;
it also gives rise to a series of misery
here and a bad grade in the next world.

(કલ્યાણભારતી ચેપ્ટર - ૫, ગાથા : ૩૨, પૃષ્ઠ - ૧૨૭)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## સાધર્મિક ભક્તિથી તીર્થંકર બન્યા

ઘાતકીખંડમાં ઐરાવત ક્ષેત્રમાં ક્ષેત્રપુર નગરીમાં વિમળવાહન નામે રાજા થઈ ગયા. તેના શાસનકાળમાં એક વખત ભયાનક દુષ્કાળ પડ્યો. તે વખતે તેણે ઘણા લાંબા સમય સુધી નગરના સાધર્મિકોને પકવાનના ભોજન આપીને તેમનો નિર્વાહ કર્યો હતો. ઊછળતા ભાવે કરેલી આ સાધર્મિક ભક્તિના કારણે તેમણે તીર્થંકર નામકર્મ બાંધ્યુ હતું. ત્યાર પછી તે રાજાએ દિક્ષા અંગિકાર કરી અને કાળ પામીને દેવલોકમાં ગયા અને ત્યાથી ચ્યવીને આ ચોવિસીમાં સંભવનાથ તીર્થંકર તરીકે અવતર્યા.

જ્યારે તેઓ જન્મ પામ્યા તે વખતે નગરમાં કારમો દુકાળ ચાલુ હતોં, પણ તેમના જન્મથી તે નગરમાં ચારે બાજુથી પુષ્કળ અનાજ આવ્યુ અને સુકાળ સુકાળ થઈ ગયો. આથી જ તેમનું નામ સંભવનાથ પડ્યું હતું.

## ધર્મમાં સદા અતૃપ્તિ જ રહેવી જોઈએ...!

આ તે વસ્તુપાળ મંત્રીની વાત છે કે જેને ત્યાં રોજ પાંચસો સાધુ સાધ્વીજીઓ વહોરી જતા. પંદરસો સાધુ - બાવાઓ દીક્ષા લઈ જતાં અને હજારો સાધર્મિકો તેમના રસોડે જમતા.

આ તે વસ્તુપાળ મંત્રીની વાત છે કે જેણે ધર્મના માર્ગ કરોડો રૂપિયાનું દાન કર્યું હતુ. તેણે અદ્દભૂત જ્ઞાનભંડારોનું સર્જન કર્યું હતું. જેણે બાર - બાર વખત શત્રુંજ્ય તીર્થની સકળ સંઘ સાથે છરિ-પાલિત યાત્રા કરી હતી.

જ્યારે તેરમાં સંઘમાં તેઓ મૃત્યુશૈયામાં પડ્યા ત્યારે તેની ચોફેર સાધુ સાધ્વીજીઓ બેઠેલા હતા. સમગ્ર સંઘ તેમને નવકાર મંત્ર સંભળાવી રહ્યો હતો. તે વખતે એકાએક મંત્રીશ્વરની આંખોમાં આંસુ દેખાયા. આચાર્યશ્રીએ તેનું કારણ પૂછતાં મંત્રીશ્વરે જણાવ્યું : 'પાવિઓ જિણ ધમ્મો હારિઓ' ગુરુદેવ ! મેં જન્મથી જ જિનેશ્વર ધર્મ પ્રાપ્ત કર્યો, પરંતુ મેં કશો જ વિશેષ ધર્મ ન આરાધ્યો. ખરેખર હું હારી ગયો. આમ કહીને વસ્તુપાળ ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યા.

જ્યારે તેઓ મૃત્યુ પામ્યા ત્યારે સંસારત્યાગી સાધુ - સાધ્વીજી ભગવંતોની આંખમાંય પાણી આવ્યા... કેવું ઉત્તમ સમાધિ - મૃત્યુ ....!

## કેવી અનોખી ગુરુદક્ષિણા

એ હતા એક ભિક્ષ. ભગવાનના ભક્ત હતા; તેમ તેમના શાસ્ત્રોના જાણકાર પણ હતા. અનેક પુસ્તકો એણે લખ્યા અને અનેક પુસ્તકો છપાયા અનેક પુસ્તકોની અનેક આવૃત્તિઓ પણ થઈ.

એક વખત ઉંમરના કારણે તેમને આંખની તકલીફ થઈ; ત્યારથી તેમણે ધંધાદારી પ્રુફરીડર રાખવાની ફરજ પડી.

ત્યારપછી એકાદ વર્ષ પુરૂ થયું. ગુરુપૂર્ણિમાના દિવસે ભિક્ષ તે પ્રુફરીડરને ઘેર ગયા. તેમણે તેના હાથમાં દસ રૂા. મુકીને કહ્યું 'આજના દિવસે આ મારી ગુરુદક્ષિણા છે. તમે તેનો સ્વીકાર કરો. તમે મારા લખાણનું મેટર અને પ્રુફ જુઓ છો અને મારી ભૂલો કાઢો છો એટલું જ નહીં પણ તેમાં સુધારા કરતાં રહો છો.

આપણી ભૂલને જે સુધારે તે ગુરુ કહેવાય. માટે હું આજે ગુરુદક્ષિણા આપવા આવ્યો છું. પ્રુફરીડરની આંખમાં આંસુ ધસી આવ્યા.

કેવું અમૂલખ ઊંડાણ ભર્યું છે; આર્યાવર્તની જીવપ્રણાલીમાં....

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી આત્માનંદ પ્રકાશ

તંત્રી : જસવંતરાય સી. ગાંધી

અનુક્રમણિકા


(૧) અક્ષય તૃતિયા એટલે સુપાત્ર દાનનું સંદેશાવાહક પર્વ સંકલન : આર.ટી.શાહ ૨

(૨) શંખ શ્રાવકની ધર્મ ભાવના મુનિશ્રી પ્રેમ પ્રભસાગરજી મ. ૬

(૩) સાધર્મિકની ભક્તિ શી રીતે કરશો ? પૂ.આ.શ્રી વિજયકીર્તિયશસૂરિજી મ. ૭

(૪) પં.શ્રી ભદ્રંકરવિજયજી મ.સા.ના પ્રવચનો પ.શ્રી ભદ્રંકરવિજયજી મ. ૯

(૫) ત્રિશલા રાણાએ જોયેલા ચૌદ સ્વપ્નો વિનોદ જે. કપાસી. ૧૦

(૬) જૈન સાહિત્યમાં 'શ્રી જૈન આત્માનંદ સભા' નો માતબર ફાળો સંકલન : જે.બી.શાહ ૧૨

(૭) ટીંટોઈ તીર્થનો ઈતિહાસ ૧૩

(૮) ભોરોલ તીર્થ : શતાબ્દીનો મહોત્સવ ૧૪

(૯) ચતુર્વિધ સંઘ : તવારીખની તેજછાયા અવલોકનકાર : ડૉ.પ્રફૂલાબેન વોરા ૧૫

(૧૦) વૈયાવચ્ચ લે. નગીનદાસ જે. કપાસી ૧૬

(૧૧) દુ:ખ ખાઓ : દુ:ખ નિવારો : સુખી થાઓ પં.શ્રીચંદ્રશેખરવિજયજી મ. ૧૮



ટ્રસ્ટ રજી. નં. એફ-૩૭ ભાવનગર

**: સભાના હોદ્દેદારશ્રીઓ :**

| | |
|---|---|
| (૧) જસવંતરાય સી. ગાંધી | પ્રમુખ |
| (૨) દિવ્યકાંત મોહનલાલ સલોત | ઉપપ્રમુખ |
| (૩) ભાસ્કરરાય વી. વકીલ | ઉપપ્રમુખ |
| (૪) મનહરલાલ કેશવલાલ મહેતા | માનદ્‌મંત્રી |
| (૫) મનીષકુમાર આર. મહેતા | માનદ્‌મંત્રી |
| (૬) મનહરલાલ વી. ભંભા | માનદ્‌મંત્રી |
| (૭) હસમુખલાલ જયંતીલાલ શાહ | ખજાનચી |


* * *

સભા પેટ્રન મેમ્બર ફી રૂા. ૧૦૦૦=૦૦

સભા આજીવન સભ્ય ફી રૂા. ૫૦૦=૦૦

* * *

**: શ્રી આત્માનંદ પ્રકાશ વાર્ષિક જાહેરાત દર :**

ટાઈટલ પેઈજ આખું રૂા. ૩૦૦૦=૦૦

આખું પેઈજ રૂા. ૧૦૦૦=૦૦

અડધુ પેઈજ રૂા. ૫૦૮=૦૦

પા પેઈજ રૂા. ૨૫૦=૦૦

* * *

શૈક્ષણિક ઉત્તેજન, જ્ઞાનખાતું સભા નિભાવ ફંડ, યાત્રા પ્રવાસ આદિમાં વ્યાજુ ફંડ માટે ડોનેશન સ્વીકારવામાં આવે છે.

* * *


**: માલિક તથા પ્રકાશન સ્થળ :**

શ્રી જૈન આત્માનંદ સભા

ખારગેઈટ, ભાવનગર - ૩૬૪ ૦૦૧

ફોન નં. (૦૨૭૮) ૨૫૨૧૬૯૮




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# અક્ષય તૃતીયા એટલે કે સુપાત્ર દાનનું સંદેશા વાહક પર્વ જૈન ધર્મના વર્ષીતપના પારણાનો દિવસ

સંકલન આર.ટી.શાહ - વડોદરા

આ વૈશાખ સુદ ત્રીજ એટલે અક્ષય તૃતીયા પર્વ (૩૦-૪-૨૦૦૬ રવિવારે) છે. આ પવિત્ર દિવસ જૈન ધર્મના વર્ષીતપના તપસ્વીઓ તેર મહિના અને તેર દિવસ સુધી એટલે કે ૪૦૦ દિવસ સુધી એકાંતરે ઉપવાસ ફક્ત ઉકાળેલું પાણી વાપરીને જ તથા બીજા દિવસે બિયાઅણું એટલે કે બે વાર બેસીને જ આહાર વાપરવાના નિયમ હોય છે. જૈન ધર્મમાં વર્ષીતપના પારણા વૈશાખ સુદ ત્રીજ એટલે અખાત્રીજના રોજ ઈક્ષુરસ એટલે શેરડીના રસ વડે એકસો આઠ નાના ઘડા ભરીને તપસ્વીઓને રસ પિવડાવીને પારણા કરાવવામાં આવે છે. જૈન શાસનમાં પર્યુષણ એ પ્રભાવક પર્વ છે એ રીતે વર્ષીતપ એ પ્રભાવક તપ તરીકે પ્રસિધ્ધ છે. દાદા આદિશ્વરના પવિત્ર શત્રુંજયના ધામમાં એટલે કે પાલિતાણામાં તથા દિલ્હી પાસે આવેલા હસ્તિનાપુરના તીર્થસ્થાનમાં હજારો જૈન લોકો અખાત્રીજના રોજ ભગવાન આદિનાથનો ઈક્ષુરસથી પ્રક્ષાલ કરીને પછીથી વર્ષીતપના પારણા આ દિવસે કરે છે.

આ વર્ષીતપનો પ્રભવ કેવી રીતે થયો અને તેનો કેટલો પ્રભાવ છે તે વિષે થોડું જાણી લઈએ. યુગોના યુગ પુર્વની વાત છે કે જયારે લોકો બાહ્યસંપત્તિથી સમૃધ્ધ હતા એટલું જ નહિ પણ ગુણસંપત્તિથી પણ લોકોના અંતર ખજાના ભરપૂર હતા. ક્રોધ, મોહ, માયા, લોભ આદિ અંતર શત્રુઓનું જોર જ્યારે બહુ ફાવતું ન હતું. ક્ષમા, નમ્રતા, સરળતા, સંતોષ આદિ અંતર મિત્રોને મિત્રતાથી સ્થપાયેલી હેત,પ્રિત અને ''વસુધૈવ કુટુંબકુમ'' ની ભાવનાનો પ્રભાવ પગલે પગલે જોવા મળતો હતો. આ જમાનામાં લોકો આવી સમૃધ્ધિના પ્રણેતા તરફ આદરપુર્વક પ્રણામ કરતા અને બોલી ઉઠતા કે આ બધો પ્રભાવ દાદા આદિનાથનો છે. દાદા આદિનાથે કર્તવ્ય ધર્મ અદા કરી ધર્મરાજા તરીકે લોકોપકાર કરવાની ભૂમિકા રચવા સંયમનો પંથ સ્વીકાર્યો ત્યારના સમયની આ વાત છે.

પ્રભુએ ફાગણ વદ આઠમના દિવસે રાજપાટનો ત્યાગ કરીને સંયમ સ્વીકાર્યો. વિનિતાનગરી માટે આ અભૂતપુર્વ દિવસ હતો. એક વર્ષમાં વર્ષીદાન તરીકે અઢળક ધનની વૃષ્ટિ કરવાવાળા દાદા આદિનાથ સર્વસ્વનો ત્યાગ કરીને જંગલની વાટે ચાલી નીકળેલા. આવા પ્રભુને પ્રજા આશ્ચર્ય અને આઘાતથી અશ્રુભીની આંખે જોવાય ત્યાં સુધી જોતી રહી હતી. પ્રભુ સર્વસ્વનો ત્યાગ કરીને ગામ-નગરોમાં વિહરવા માંડયા. દાન શું ચીજ છે? આ વાત લોકો માટે કલ્પના બહારની વાત હતી કારણકે કોઈ યાચક હતો જ નહી, યાચક વિના દાનની વાત કોણ સમજે? જેથી ભિક્ષાકાજે પોતાના આંગણે પધારતા પ્રભુ સમક્ષ સુવર્ણ અને સમૃદ્ધિ જેવી ચીજો તેમની પાસે ધરતા પરંતુ પ્રભુએ આ બધું ત્યજી દીધેલ હોવાથી નજર નાખ્યા વગર આગળ વધતાં જતા. આવું એક વાર જ નહીં પણ દિવસો સુધી બન્યા કર્યું અને આનો ક્રમ ચાલતો જ રહ્યો.

ન આહાર ! ન પાણી ! છતાં પ્રભુના મુખ ઉપર પ્રસન્નતા જાણી સહસ્ત્રદલ વિકસતી ચાલી. આવા નિરાહારી પ્રભુની વિહારયાત્રા દિવસો, પખવાડિયા અને મહિના વટાવીને વર્ષની અવધિથી પણ વધવા માંડી. પ્રજાનું દુઃખ પણ વધવા માંડ્યું કે આપણે કેવા અજ્ઞાન કે દાદાને ખપતી ચીજની ભાળ પણ મેળવી શકતા નથી અને પ્રભુ સમક્ષ જે કંઈ ચીજો ધરીએ છીએ એ લીધા વિના પ્રભુ આગળ વધતાં જાય છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વૈશાખ સુદ બીજની રાત હતી. શીતળ પવન મંદ ગતિએ વહેતો હતો તે જ વખતે હસ્તિનાપુરમાં કોઈ અનેરી સ્વપ્નસૃષ્ટિ અવતરી અને રાજા સોમપ્રભ, રાજપુત્ર શ્રેયાંસકુમાર અને નગરશેઠ સુબુદ્ધિ આ ત્રણે અગ્રણ્ય વ્યક્તિઓ અલોકિક સ્વપ્ન સૃષ્ટિની સહેલગાહે ઉપડી ગઈ.

રાજા સોમપ્રભ, રાજા આદિનાથના પુત્ર બાહુબલીના સુપુત્ર હતા એટલે એમણે સ્વપ્નમાં એવી ઘટના નિહાળી કે એક રાજા અનેક શત્રુરાજાઓથી ઘેરાઈ ગયો છે અને પોતાનો બળવાન પુત્ર શ્રેયાંશ તેની વ્હારે થાય છે અને રાજા વિજયને વરે છે.

રાજપુત્ર શ્રેયાશકુમારે નિહાળેલ સ્વપ્ન પણ ભવ્ય હતું. એમણે સ્વપ્નમાં એવી અનુભૂતિ કરી કે મેરુગિરિ જેવો ચારે તરફથી શ્યામ થઈ ગયો છે તેને પોતે દૂધના કળશ ઠાલવીને ઉજ્જવળ બનાવે છે અને મેરુગિરિ ફરી ઝગારા મારે તેવો ઉજ્જવળ બની જાય છે. આ સ્વપ્ન શ્રેયાંશકુમારને હર્ષથી ભરપૂર બનાવી ગયું અને પોતે તેનો ફલાદેશ વિચારવા માંડ્યો.

સુબુદ્ધિ શેઠે સ્વપ્નમાં એવી આશ્ચર્યભરી ઘટના જોઈ કે સૂર્યબિંબમાંથી હજારો કિરણો છૂટા પડી ગયા છે અને શ્રેયાંશકુમાર એ કિરણોને સૂર્ય સાથે જોડી દેવામાં સફળ થાય છે. જેનો યોગ એ સૂર્ય પુનઃ પ્રકાશથી ઝળહળી ઉઠે છે. આ સ્વપ્નથી તેની ફલશ્રુતિના વિચારોમાં પડી જાય છે. સવાર થતાં જ રાજા સોમપ્રભ, રાજકુમાર શ્રેયાંશકુમાર અને સુબુદ્ધિ શેઠે નક્કી કર્યુ કે આજે રાજસભામાં જઈને સ્વપ્નની વાત મૂકવી અને સ્વપ્નના સંકેતો જાણવા એકબીજાની મદદ લેવી.

વૈશાખ સુદ ત્રીજનું મધ્યાન્હ થયું ના થયું ત્યાં તો રાજસભામાં રાજા સોમપ્રભ, રાજપુત્ર શ્રેયાંશકુમાર અને સુબુદ્ધિ નગરશેઠે પોતાના સ્વપ્નની વાત રજુ કરી. આનો અર્થ એવો થાય છે કે શ્રેયાંશકુમારને મોટો લાભ થશે અને ત્રણેય સ્વપ્નનો સૂત્રધાર આ રાજકુમાર બનશે. આ જમાનામાં સ્વપ્ન પાઠકોનો યુગ ન હતો એટલે દરેકને એમ લાગ્યું કે શ્રેયાંશકુમારના હાથે થનારા કોઈ શુભકાર્યોની છડી પોકારનારા આ સ્વપ્ન છે.

રાજસભામાં આ રીતે સ્વપ્નના વિચારથી ગંભીર વાતાવરણ જામી રહયું છે ત્યારે દાદા આદિનાથ હસ્તિનાપુર પધારી રહયા હતા અને પ્રભુને ઓળખતા પ્રજાજનો પોતાને આંગણે પધારેલ પ્રભુને સોના રૂપાનો સ્વીકાર કરવા વિનંતી કરવા લાગ્યા. પ્રભુની પધરામણીથી વ્યાપેલો આનંદનો કોલાહલ રાજસભા સુધી પહોંચી જતા રાજકુમાર શ્રેયાંશકુમારે કોલાહલનું કારણ જાણવા આદેશ કર્યો ત્યારે રાજસેવકોએ દોડતા આવીને પ્રભુની પધરામણીના સમાચાર આપ્યા. એટલે રાજા, રાજકુમાર તથા નગરશેઠ કોલાહલની દિશામાં દોડયાં. પ્રભુની નજીક પહોંચીને રાજા સોમપ્રભે જોયું તો જવામર્દની સાથે એકલપંડે શત્રુસેના સામે લોહીનું છેલ્લું બુંદ ખર્ચીને ઝઝુંમતા પ્રભુના દર્શન સાથે પોતાને આવેલ સ્વપ્નની કડી સંધાઈ. રાજકુમાર શ્રેયાંશકુમારને પણ પ્રભુના દર્શન થતા પ્રભુના દેહને જોતાં એમને સ્વપ્નમાં જોયેલો કાળાશ ધરાવતો સુવર્ણ મેરુ યાદ આવી ગયો. સમૃદ્ધિ શેઠને પ્રભુજીની કાયામાં તેનાથી વિખુટી પડેલા કોઈ સૂર્યનો સામ્ય દેખાવા માંડયો.

રાજપુત્ર શ્રેયાંશકુમારના દિલમાં જે વિચારો જાગ્યા તે જુદા જ હતા અને ગણતરીની પળોમાં શ્રેયાંશકુમારને પૂર્વજન્મનું સ્મરણ કરાવતું જ્ઞાન પ્રાપ્ત થયું. એ જ્ઞાનના પ્રકાશે એમનું અંતર ઝળહળી ઉઠ્યું. શ્રેયાંશકુમાર મનોમન બોલી ઉઠયા કે પૂર્વ ભવમાં આવો વેશ મેં ધારણ કર્યો હતો એટલું જ નહી પરંતુ છેલ્લા નવ-નવ ભવથી પ્રભુ સાથે સંકળાતો ગયો છું. કેવી અચરજની વાત છે કે પ્રભુએ પરિગ્રહને પાપનો ભારો સમજીને ત્યજી દીધો એ જ પરિગ્રહને લોકો



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રભુ સામે ધરી રહયા છે. પ્રભુની સમક્ષ શું ધરાય તેનું કોઈને જ્ઞાન નથી આ જ કારણે દિક્ષાના દિવસથી આજ સુધી પ્રભુના હાથનું ભિક્ષાપાત્ર ખાલી રહેવા પામ્યું છે જેના યોગે પ્રભુને એક વર્ષ ઉપર ચાલીસ દિવસ એટલે કે ૪૦૦-૪૦૦ દિવસના લાંબા ઉપવાસ થયા છે.

શ્રેયાંશકુમાર આનંદી ઉઠયા અને સ્વપ્નના સંકેત એમની સમક્ષ પ્રત્યક્ષ થઈ ગયા હતા. અત્યારે તો સુપાત્ર દાનના શુભારંભ સ્વરૂપ પ્રભુને પારણું કરાવવાના અવસરને જ મુખ્યતા આપવા જેવી હતી. એથી જાતિ સ્મરણ થતાં જ સુપાત્ર દાનના જ્ઞાતા બની ચૂકેલા શ્રેયાંશકુમાર જાણે સુપાત્રદાનના પ્રવર્તક બનવાનું સૌભાગ્ય મેળવવા કટિબધ્ધ બન્યા. દેવલોકમાંથી પ્રભુ જંબુદ્વીપના પુર્વવિદેહ ક્ષેત્રમાં આવેલ પુષ્કલાવતી વિજયની પુંડરીકિણી નગરીમાં વજ્રનાભ નામના ચક્રવર્તી પુત્ર થયા, ત્યારે હું એમનો સુયશા નામનો સારથિ થયો. એમના પિતાશ્રી વજ્રસેન તીર્થંકર હતા. શ્રી વજ્રસેન જ્યારે તીર્થંકર તરીકે વિચારવા માંડયા, ત્યારે પ્રભુના જીવ શ્રી વજ્રનાભે તેમજ મેં એ તીર્થંકર પાસે સંયમ ગ્રહણ કર્યુ. આ પછી ભવમાં અમે બંને સર્વાર્થસિધ્ધ નામના પાંચમા અનુત્તર વિમાનમાં દેવ થયા. આ દેવભવ પૂર્ણ થતાં પ્રભુજી શ્રી ઋષભદેવ તરીકે આપણા પર ઉપકાર કરવા અહીં અવતર્યા અને હું એમના પ્રપૌત્ર તરીકે આ નગરીમાં જન્મ પામ્યો. આમ, નવ-નવ ભવના આ સંબંધનું જાતિસ્મરણ જ્ઞાન થતાં જ મને સાંભરી આવ્યા અને સુપાત્ર દાનનો લાભ હું મેળવી શકયો. આ રીતે શ્રેયાંશકુમારને હાથે પ્રભુએ પોતાના માટે ન કરેલી - કરાયેલી એવી ચીજ એટલે કે શેરડીના રસનાં એકસો આઠ કુંભ ઠલવાયા અને પ્રભુના વર્ષીતપના પારણા થયા.

શ્રેયાંશકુમારનું વકતવ્ય પુરૂ થતાંની સાથે જ રાજા અને નગરશેઠે પૂછ્યું : આપણે ત્રણેએ આજે જે સ્વપ્ન જોયું, એને આજના આ પ્રસંગનો કોઈ મેળ ખરો? જો હોય, તો તે કઈ જાતનો?

શ્રેયાંશકુમારે ત્રણે સ્વપ્નની ભૂમિકા સમજાવીને પ્રજા સમક્ષ નજર લંબાવતા કહયું : આ ત્રણે સ્વપ્ન દ્વારા જે શુભના સંકેત સૂચવાયા હતા, એ આજના પ્રસંગની સાચા સાબિત થયા : શ્યામમેરૂને દુધથી પ્રક્ષાલ કરીને ફરી ઉજ્જવળ બનાવ્યાનું જે સ્વપ્ન મેં નિહાળેલું એનો અર્થ એ છે કે પ્રભુનો મેરૂ જેવો દેહ આ દીર્ઘ તપથી જરાક નિસ્તેજ બન્યો હતો, શેરડીના રસથી પારણું કરાવવા દ્વારા એ દેહને દીપ્તિમંત બનાવવામાં હું નિમિત્તમાત્ર બન્યો.

મારા પિતાશ્રીએ શત્રુઓથી ઘેરાયેલા અને એકલપંડે ઝઝુમતા કોઈ રાજાને મારી સહાયથી વિજયી બનતી જોયો હતો, એનો અર્થ એ છે કે, પ્રભુની આસપાસ ભૂખ-તરસ આદિ જે શત્રુઓ ઘેરા નાખીને રહયા હતા. ઈક્ષુરસ વડે થયેલ પારણાના કારણે પ્રભુ હવે એ બધાનો નજીકમાં પરાભવ કરી વિજયી બની તીર્થંકર તરીકે વિચારશે.

શ્રેયાંશકુમારે વાત પુરી કરી અને સમગ્ર પ્રજા હર્ષથી નૃત્ય કરી ઉઠી. ઘર-ઘર અને ઘટ-ઘટમાંથી એ જાતનો ધ્વનિ ઉઠયો કે:

દાદા આદિનાથના આ વર્ષીતપને વંદના! અને દાનધર્મના પ્રવર્તક આપણા રાજપુત્ર શ્રી શ્રેયાંશકુમારને ઘણી ખમ્મા!

આવો અદ્દભુત છે, વર્ષીતપનો વૈભવ ધરાવતા તેમજ અક્ષય તૃતીયાનું નામ ધરાવતા પર્વની આ ધર્મકથા! દાદા આદિનાથ ભગવાનના દિક્ષા પછીના જીવનમાં થયેલા દીર્ઘ તપના આંશિક અનુકરણરૂપે અને શ્રી શ્રેયાંશકુમાર દ્વારા આ અવસર્પિણી કાળમાં દાનધર્મના થયેલા આદ્ય પ્રવર્તનની અનુમોદનારૂપે અક્ષય-તૃતીયા પર્વની પ્રતિષ્ઠા થઈ, એથી દાનની દિવ્યતા અને તપની તેજસ્વિતાના ઉદ્દઘોષક પર્વ તરીકે અક્ષય-તૃતીયાનું સ્થાનમાન જૈન શાસનમાં અજોડ હોય, એમાં આશ્ચર્યને કોઈ અવકાશ નથી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હવે પ્રશ્ન એમ થાય છે કે ચારસો ઉપવાસનું કારણ ફક્ત લોકોની દાન ધર્મ વિશેની અજ્ઞાનતા હતી કે આ સિવાય બીજું કોઈ કારણ હતું જે પ્રભુના જીવનના એક પ્રસંગમાંથી મળી આવે છે. શ્રી ઋષભદેવ તરીકેના કેટલા ભવ પૂર્વે ભગવાનનો જીવ કોઈ માર્ગ ઉપરથી પસાર થઈ રહયો હતો ત્યારે ખેતરમાં ધાન્યને ખાતા બળદો પર પડતો માર જોઈને પ્રભુને દયા જાગી ઉઠી અને ખેડૂતોને કહયું કે આ રીતે બળદોને માર મારવા કરતા શીંકુ બાંધો જેથી એ ધાન્ય ખાય નહી. પ્રભુએ કહેલું શીંકુ બાંધ્યું પરંતુ ખેડૂતો લાંબા કાળ સુધી શીકું છોડવાનું ભૂલી ગયા. એટલે પ્રભુને અંતરાય કર્મ દીક્ષા બાદ ઉદયમાં આવ્યું અને આટલા દિવસો સુધી પ્રભુને આહારનો યોગ ન મળ્યો.

આ છે વર્ષીતપનો પ્રભવ અને તેના પ્રભાવ. આ કથામાંથી ઘણો બધો બોધ મેળવી શકાય છે કે પ્રભુએ એક કરૂણાબુદ્ધિથી કાર્ય કર્યું તેમાં પ્રમાદ રહી ગયો અને અંતરાય કર્મનો બંધ થયો. આ ઘટના ઉપરથી આપણા જીવનમાં બોલવા-ચાલવાની પ્રવૃત્તિઓ ઉપર કેટલો બધો સંયમ રાખવાની જરૂર છે તેની પ્રેરણા આપણને મળી શકે છે.

આવો દાનધર્મ આ અવસર્પિણી કાળમાં દાદા શ્રી આદિનાથ પ્રભુના વર્ષીતપનું આલંબન પામીને શ્રી શ્રેયાંશકુમારે પહેલવહેલો પ્રવર્તાવ્યો! એથી વર્ષીતપના આરાધકના જીવનમાં દાનની મુખ્યતા હોવી જરૂરી છે. તો જ અંતે એ આરાધક સર્વ જીવોને અભયદાન આપવા દ્વારા પરમપદમોક્ષનો ભોક્તા બની શકે !

(તા.ક. જીન આજ્ઞા વિરૂદ્ધ કંઈ પણ લખાઈ ગયું હોય તો તે માટે ત્રિવિધ પ્રકારે મિચ્છામિ દુક્કડમ માંગી લઉં છું.પૂ. આચાર્યદેવ શ્રી પૂર્ણચંદ્ર સૂરિશ્વરજી મહારાજ કૃત ''અક્ષય તૃતિયા'' પુસ્તિકાના આધારે લેખ લખાયેલ છે.)


## શ્રી ભાવનગર નાગરિક સહકારી બેન્ક લિ.,

૧૪, ગંગાજળીયા તળાવ, ભાવનગર. ફોન :- ૨૫૧૩૭૦૨ - ૨૫૧૩૭૦૩

**-: શાખાઓ :-**

ડોન-કૃષ્ણનગર, વડવા-પાનવાડી, રુપાણી-સરદારનગર, ભાવનગરપરા, રામમંત્રમંદિર, ઘોઘારોડ, શિશુવિહાર

**તા.૧-૧૨-૨૦૦૪ થી અમલમાં આવતા ડીપોઝીટ તથા ધિરાણના વ્યાજના દરો**

| ડિપોઝીટ | વ્યાજના દર |
|---|---|
| ૩૦ દિવસથી ૯૦ દિવસ સુધી | ૫.૦ % |
| ૯૧ દિવસથી ૧૮૦ દિવસ સુધી | ૫.૫ % |
| ૧૮૧ દિવસથી ૧ વર્ષની અંદર | ૬.૦ % |
| ૧ વર્ષથી ૩ વર્ષની અંદર | ૭.૫ % |
| ૩ વર્ષ કે તે ઉપરાંત | ૮.૦ % |
| સેવિંગ્ઝ ખાતા ઉપર વ્યાજ | ૩.૫ % |

**સિનિયર સીટીઝનને એક ટકો વધુ વ્યાજ મળશે. નિયમિત હપ્તા ભરનાર સભાસદને ભરેલ વ્યાજના ૧ % વ્યાજ રિબેટ આપવામાં આવે છે.**

| ધિરાણ | વ્યાજના દર |
|---|---|
| રૂા. ૫૦,૦૦૦/- સુધી | ૧૧.૦ % |
| રૂા. ૫૦,૦૦૧/- થી રૂા. ૨ લાખ સુધી | ૧૨.૦ % |
| રૂા.૨,૦૦,૦૦૧ થી રૂા.૨૦ લાખ સુધી | ૧૩.૦ % |
| N.S.C./K.V.P. સામે રૂા.૧ લાખ સુધી | ૧૧.૦ % |
| હાઉસીંગ લોન રૂા. ૮ લાખ સુધી ૭૨ હપ્તાથી | ૯.૫ % |
| ૭૨ હપ્તાથી વધુ | ૧૦.૫ % |
| મકાન રીપેરીંગ રૂા.૭૫,૦૦૦/- સુધી | ૧૧.૦ % |
| સોના ધિરાણ : રૂા. ૧ લાખ સુધી | ૧૨.૦ % |

- **રૂા. ૧ લાખ સુધીની ડીપોઝીટ વીમાથી આરક્ષિત**
- **છેલ્લા ૩૫ વર્ષથી ઓડીટ વર્ગ 'અ'**
- **બેન્કની વડવા શાખામાં વહેલા તે પહેલાના ધોરણે પસંદગીના લોકર ભાડે આપવામાં આવે છે**

**નિરંજનભાઈ ડી. દવે** ચેરમેનશ્રી
**વેણીલાલ મગનલાલ પારેખ** મેનેજીંગ ડિરેક્ટરશ્રી
**બળવંતભાઈ પી. ભટ્ટ** જનરલ મેનેજરશ્રી




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# (બે) જૈન ધર્મની પાંચ આગમ કથાઓ...
# શંખશ્રાવકની ધર્મભાવના

શ્રાવસ્તીમાં તેજના અંબાર રેલાઈ રહ્યાં. શ્રાવસ્તીમાં આજે શ્રમણ ભગવાન મહાવીર શિષ્ય સમુદાય સહિત પધાર્યા. ચોમેર આનંદનો મહાસાગર ઘૂઘવી ઊઠ્યો. સારોય માનવમહેરામણ પ્રભુને વંદનાર્થે ઉદ્યાનમાં ઉમટ્યો.

ભગવાનની દિવ્યવાણી સૌએ સાંભળી. એ પવિત્ર, મંજુલ - વાણીમાં આત્મશ્રેયની સરવાણી હતી.

દેશના પૂરી થઈ. શંખશ્રાવકે પોખ્ખલિ આદિ શ્રાવકોને કહ્યુ, 'સાધર્મિક બંધુઓ ! આપણે સૌ આજે સમૂહભોજન કરીએ. ધર્મકથા કરીએ સાથે જ પ્રતિક્રમણને સ્વાધ્યાય કરીએ.'

સૌએ હર્ષથી હામી ભણી.

સમૂહભોજનની વ્યવસ્થા ગોઠવાઈ.

જમવાનો સમય થયોને સૌ આવ્યા, કિંતુ શંખ શ્રાવક ન દેખાયા. પોખ્ખલિ શ્રાવકે સૌને કહ્યું કે, 'તમે સૌ થોડીક રાહ જુઓ : હું હમણાં શંખશ્રાવકને લઈને આવું છું.'

શંખશ્રાવક સૌ સાધર્મિકજનોથી છુટા પડીને પોતાની હવેલીએ પહોંચ્યા. એમના ચિત્તમાં ભક્તિની સરિતા રમણે ચઢી હતી. પ્રભુનાં દર્શન ને પ્રભુની વાણી ચક્ષુસન્મુખ દશ્યો રચતા હતા. એમને વધુને ધર્મ કરવાના ભાવ થતા હતા. પત્ની ઉત્પલાને શંખશ્રાવકે કહ્યું :

'ભંતે, આજે ચતુર્દશી છે અને પૌષધ કરવાની ભાવના થાય છે.'

'સરસ. જેવી આપની ભાવના.' ઉત્પલાએ કહ્યું.

શંખ શ્રાવક પૌષધાલયમાં ગયા.

પૌષધવ્રત લીધું. બહારની દુનિયા ભૂલાઈ ગઈ.

એ સમયે પોખ્ખલિ શંખની હવેલીએ પહોંચ્યા. ઉત્પલાએ વિનયથી આવકાર્યા : 'પધારો. કહો. શી સેવા કરૂં ?

પોખ્ખલિએ બધી વાત કરી. ઉત્પલા તરત પૌષધાલયમાં ગઈ, શંખ શ્રાવકને તેણે કહ્યું : 'અરે! તમે તો પૌષધ લઈને બેસી ગયા ને સૌને તો ભોજન માટે નિમંત્ર્યા છે. સૌ તમારી રાહ જુએ છે. પોખ્ખલિભાઈ તમને તેડવા આવ્યા છે. ચાલો.'

શંખે કહ્યું : 'મેં પૌષધ લીધો છે, હવે કયાંય ન જવાય'

પોખ્ખલિ શ્રાવક પાછા વળ્યા. સૌએ સમૂહ ભોજન કર્યું પણ આ વાત કોઈને ગમી નહિં.

સવાર થઈ. પૌષધ પાર્યો. તેણે પ્રભુના દર્શન કરીને પારણું કરવું તેમ વિચારીને સમોસરણમાં પહોંચ્યો. તે સમયે પોખ્ખલિ અને બીજા શ્રાવકો ત્યાં આવ્યા. શંખને જોઈને તેની નજીક સર્યા ને મશ્કરી કરી:

'વાહ રે શંખજી ! વાહ ! અમારી સાથે આવી મજાક કરી ? અમને કહ્યું હોત તો અમે ય પૌષધ ન કરત ? પરંતુ અમને છેતરીને ધર્મ ન કરાય !'

શંખ શાંત રહ્યો. ભગવાન મહાવીરે સૌને કહ્યું : 'ભાઈઓ ! તમે શાંત બનો. શંખની ધર્મભક્તિની અવહેલના ન કરો. એના મનમાં કયાંય કોઈને છેતરવાની વાત નહોતી અને દર વખતે, આવી વાતમાં, છેતરવાની જ વાત હોય તેવું નથી હોતું. શંખ શ્રધ્ધાળુ છે ને ધર્મપ્રિય છે માટે તેને માટે આમ વિચારશો નહિં.'

પ્રભુની વાણીનું સત્ય સૌને સ્પર્શી ગયું.

શ્રી ગૌત્તમસ્વામીએ ભગવાનને શંખશ્રાવક માટે પૂછ્યું ત્યારે ભગવાને કહ્યું કે,

'આ જીવનમાં આદર્શ શ્રાવક ધર્મનું અનુસરણ કરશે અને ક્રમે ક્રમે ઉચ્ચત્તમ વિકાસ કરીને અહીં ઉત્સર્પિણી કાળમાં દેવશ્રુત નામે છઠ્ઠા તીર્થંકર થઈને મોક્ષમાં જશે.'

: મુનિશ્રી પ્રેમપ્રભસાગરજી મ.'મુનિવાત્સલ્યદીપ'



For Private And Personal Use Only

# કની ભક્તિ શી રીતે

પ્રવચનકાર : પૂ. આ. શ્રીમદ્ વિજય કીર્તિયશસૂરીશ્વરજી મ. સા.

જયાં સુધી ઊંડાણથી આજ્ઞાની - વિધિની સમજણ ન પડે ત્યાં સુધી પણ **'જે પ્રવૃત્તિથી કર્મનો બંધ થાય તે પ્રવૃત્તિ કરવા જેવી નથી અને જે પ્રવૃત્તિથી કર્મનો બંધ છૂટે તે પ્રવૃત્તિ કરવા જેવી છે'** આટલું પણ સમજી લો તો કલ્યાણ થઈ જાય.

પરમાત્માની આજ્ઞાનો વિચાર કરીએ તો એક સાધર્મિક ભક્તિનું અનુષ્ઠાન પણ એવું હોય કે એમાં બુફે ન હોય. એમાં 'જાતે લઈને જમી લેજો' એવું પણ ન હોય, આજે તો કેટરર્સને ઓર્ડર અપાય, અભક્ષ્ય - અપેય પણ એમાં આવે, બરફની વચ્ચે રસોઈ મૂકાય, સાંજનું સાધર્મિક વાત્સલ્ય રાખ્યું હોય તો તેમાં રાતના પણ ખાવાનું - ખવડાવવાનું થાય, આ બધું ધર્માનુષ્ઠાન નથી. ધર્માનુષ્ઠાનની વાત તો જવા દો જૈન જ્ઞાતિના જમણ તરીકે પણ આ બધું ન ચાલી શકે, જૈન જ્ઞાતિ તરીકેના જમણમાં પણ જૈનધર્મની મર્યાદા બહારનું કશું જ ન થવું જોઈએ.

સભા : *ઘણી મોટી સંખ્યા હોય તેમાં આજ્ઞા જાળવવી શકય નથી બનતી.*

કોણે કહ્યું કે તમે ઘણાને જમાડો, તમારી શકિત ન હોય તો એક સાધર્મિકને જમાડાય પણ આજ્ઞાની ઉપેક્ષા કરીને ઘણાને જમાડવાનું જ્ઞાનીઓએ કહ્યું છે ? આ રીતે જમાડવા એ ભક્તિ નથી, એમાં તો સાધર્મિકનું અપમાન છે.

એક સાધર્મિકને પણ જયારે જમાડો ત્યારે તેને બહુમાનપૂર્વક - આદરપૂર્વક - પ્રેમપૂર્વક જમાડો. તમે જાતે પીરસો, પહેરામણી આપો. સાધર્મિક કાંઈ ભૂખ્યો નથી. ભક્તિની એને ગરજ નથી. ગરજ તો તમને હોવી જોઈએ. 'સાધર્મિકની ભક્તિથી મારું કલ્યાણ થશે' આ વાત હૈયે જચવી જોઈએ. 'સાધર્મિક, મારી ભક્તિનો સ્વીકાર કરીને મારા ઉપર ઉપકાર કરે છે, આવી ભાવના હોવી જોઈએ. તો જ આવા તારક અનુષ્ઠાનો તમારા માટે તારક બની શકે. આ રીતની ભાવનાપૂર્વક - બહુમાનપૂર્વક એકને પણ જમાડાય તો પણ સાધર્મિક ભક્તિનું એ અનુષ્ઠાન તારનારું બની શકે અને બહુમાન વગર હજારોને પણ જમાડાય તો એ અનુષ્ઠાન તારનારું ન બની શકે.

આજે તો ઊભાં ઊભાં, હાલતાં હાલતાં ખાવાનું, જાતે લેવાનું, માંગવાનું, તે માટે લાઈનમાં ઊભા રહેવાનું ચાલે છે અને એને સાધર્મિક વાત્સલ્ય કહેવાય છે.

આર્યદેશમાં જન્મેલા લોકો પણ આજે અનાર્ય જેવા બની ગયા છે, જેથી તેમને અનાર્યોની પધ્ધતિ ગમે છે. ચિકિત્સાશાસ્ત્રો પણ કહે છે કે ઊભાં ઊભાં, હાલતાં ચાલતાં ન ખવાય. એ રીતે ખાવાથી આરોગ્યને પણ નુકશાન પહોંચે છે. હું કાંઈ ચિકિત્સાશાસ્ત્ર ભણાવવા નથી બેઠો પણ પરમાત્માની આજ્ઞાની ઉપેક્ષા કરવાથી જીવનમાં કેવી બેહાલી સર્જાય છે તેની વાત તમને સમજાવવા બેઠો છું. આ વાત સાંભળીને પણ તમે અટકી જાવો, આજ્ઞાની વિરાધનાનો ત્યાગ કરનારા બનો એ માટે આ વાત કહેવાય છે.

મારે તો પરમાત્માની આજ્ઞા શું છે એ જ તમને સમજાવવું છે.

સભા : *જગ્યાની તંગી નડે છે માટે બુફે કરવું પડે છે.*

**જેનાં હૈયાં વિશાળ હોય તેમને જગ્યાની તંગી કયારેય નડતી નથી. ઉદારતા હોવી જોઈએ. હૈયામાં આજ્ઞાનો પ્રેમ હોવો જોઈએ. હૈયામાં આજ્ઞાનો પ્રેમ હોય એને મન પૈસાની કશી કિંમત ન હોય.**

મારા પરમતારક ગુરૂદેવશ્રી તો કહેતા કે

**'ધર્માનુષ્ઠાનને પ્રભાવક, આજ્ઞાયુક્ત બનાવવાં હોય તો પૈસાને કાંકરાની જેમ વેરતા આવડવું જોઈએ.'** હૈયાની ઉદારતા વિના એ શકય ન બને. એવા અનુદાર માણસો જો કોઈ ધર્માનુષ્ઠાન કરે તો તેથી ધર્માનુષ્ઠાન - ધર્મની પ્રભાવના નહિ, પણ નરી વિડંબના ય સર્જાય. શકય નથી એમ ના કહેતા. આવજો મારી પાસે, તમારે જે અનુષ્ઠાન કરવું હોય તે અંગે અમે અમારી ભૂમિકા મુજબ શાસ્ત્રાનુસારે બધા રસ્તા બતાવશું.

સૂર્યોદય પછી ચૂલો સળગાવીને, નવકારશી કરાવવી હોય તો પણ થઈ શકે. ત્રણના બદલે છ, આઠ, દસ ચૂલા રોકવા પડે, રસોઈયા વધારી દેવા પડે, સ્ટાફ વધારવો પડે પણ પહેલાં જ કહ્યું તેમ ઉદારતા જોઈએ.

આજે તો તમારા જમણવારમાં કોઈ સાધર્મિક આવે અને એકને બદલે બે વાટકી દૂધપાક પી જાય તો તમારી આંખો ચાર થાય. આવી મનસ્થિતિ હોય તો આજ્ઞા પાળવી અશકય બની જાય.

તપશ્ચર્યાની - અઠ્ઠાઈ, સોળ ઉપવાસ વગેરેની ઉજવણી પણ હવે તો કેટલેક ઠેકાણે રાત્રિના સમયે થવા લાગી છે અને તે પણ પાર્ટી પ્લોટોમાં.

આ બધું બોલવું પણ ગમતું નથી પણ આજના લોકોએ હાલત જ એવી ઊભી કરી છે કે આ બધું બોલ્યા વિના ચાલે તેવું નથી. આ રીતે ઉજવણીઓ કરવી એ તપની ઉજવણી કહેવાય કે તપની વિડંબણા કહેવાય ? આવી રીતે તપધર્મની વિડંબણા કરનારાઓને કાં તો સમજણ નથી અગર એમને કોઈએ સમજણ આપી નથી. અગર તો જો કોઈએ સમજણ આપી હોય તો એ સમજણનો અનાદર કરીને એમણે આજ્ઞાની ઘોર ઉપેક્ષા કરી છે.

જ્ઞાની તો કહે છે કે **'આજ્ઞા મુજબ થોડો કરેલો પણ ધર્મ મહાધર્મનું કારણ બની શકે.'** અમારી ઈચ્છા તો એવી છે કે તમે બધા સર્વવિરતિ ધર્મ સ્વીકારો ! દેશવિરતિ ધર્મમાં અમારી સંમતિ કેટલી ? તમે સંસારમાં રહીને જેટલા બંધનમાં આવ્યા તેમાં અમારી સંમતિ ગણાય, બાકી તમે જેટલું મોકળું રાખ્યું તેમા અમારી સંમતિ નથી.

આત્મકલ્યાણના અર્થી દરેકે નક્કી કરવું જોઈએ કે,

એક નવકારશી પણ ભગવાનની આજ્ઞા મુજબ જ કરવી છે,

એક નવકારવાળી પણ ભગવાનની આજ્ઞા મુજબ જ ગણવી છે,

એક સાધર્મિક વાત્સલ્ય પણ ભગવાનની આજ્ઞા મુજબ જ કરવું છે,

નાની - મોટી કોઈપણ ધર્મ આરાધના ભગવાનની આજ્ઞા મુજબ જ કરવી છે,

આવો સંકલ્પ કરો તો થઈ શકે ખરો ?


મેસર્સ ચીમનલાલ મુળચંદ શાહ

દરેક જાતના ઉચ્ચ કવોલીટીના અનાજ તથા કઠોળના વેપારી

દાણાપીઠ, ભાવનગર. ફોન : ૨૪૨૮૯૯૭-૨૫૧૭૮૫૪

| રોહિતભાઈ | પરેશભાઈ | સુનીલભાઈ |
|---|---|---|
| ઘર : ૨૨૦૧૪૭૦ | ઘર : ૨૫૧૬૬૩૯ | ઘર : ૨૨૦૦૪૨૬ |

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ...ન્યાસશ્રી ભદ્રંકરવિજયજી મ.સા. ના ...
### ...૮ પોષ સુદ - ૯ રવિવાર, ...

**વ્યાખ્યાન : ૭** **(ગતાંકથી ચાલુ...)**

બીજા અનેકની સહાયથી આજે આપણે જીવી રહ્યાં છીએ. જ્ઞાન મેળવી રહ્યાં છીએ. એકડો - ગણિત - ઈતિહાસ બીજાએ શીખવાડ્યો છે. નીતિ - જ્ઞાન અને ધર્મ પણ આપણને બીજા તરફથી મળે છે. એક તીર્થંકરો જ સ્વયંબુદ્ધ છે. બાકી બીજા બધા બીજાની સહાયથી આગળ વધે છે.

તીર્થંકરો પણ અનેક ભવમાં ધર્મની - ગુરૂની ઉપાસના કરે છે. તેનો ઉપકાર તેમને રોમેરોમ વ્યાપે છે. અને તેથી જ તેઓ કેવળજ્ઞાન થયા પછી પણ તીર્થને નમે છે. તે કૃતજ્ઞતાગુણની પરાકાષ્ટા છે.

આપત્તિમાં જેમ બાળક માતાને ખોળે બેસી જાય છે, તેમ આપણે અરિહંતોને ખોળે બેસી જવું જોઈએ. શ્રદ્ધાપૂર્વક.... બાળક જેવી શ્રદ્ધા અને બાળક જેવો સમર્પિત ભાવ જોઈએ. શ્રદ્ધા અને સમર્પણભાવ હોય તો અરિહંતાદિ ચારથી આપણું રક્ષણ થાય જ છે. જેમ વાંદરીનું બચ્ચું વાંદરીને વળગે પછી નિર્ભય છે.

બાળક એટલે અજ્ઞાન, બાળક એટલે ચંચળ, બાળક અશક્ત હોય, તોફાની હોય, ભાંગ - ફોડ કરનારો હોય, નિરર્થક સમય ગાળનારો હોય તેવી જ રીતે આપણે પણ પરલોકના હિતના માર્ગમાં તત્ત્વથી બાળક જેવા જ છીએ. બાળક જેવા આપણી ઉપર પરમાત્મા સૂર્યની જેમ ઉપકાર કરે છે. સૂર્ય આંખવાળાને સૌને પ્રકાશ આપે છે. અને આંખ નથી તેને પણ ગરમી તો આપે જ છે. એવી જ રીતે જે ભગવાનની સામું જુએ છે તેને ભગવાન વિશેષથી લાભ આપે છે અને સામું જોતા નથી એમનું પણ હિત ચિંતવી તેમને ઉંચે લાવવામાં સહાયક બને છે માટે બાલભાવે જ અરિહંતોને નમસ્કાર કરવામાં લાભ છે.

'નમો' એ કૃતજ્ઞતા ગુણનું પ્રતીક છે. 'અરિહંતાણં' એ પરોપકાર ગુણનું પ્રતીક છે.

એક જીવ પણ સાચો ધર્મ કરનારો હશે ત્યાં સુધી જગત ઉપર મહાન આપત્તિ આવતી અટકી જશે. ધર્મમાં અચિંત્ય શક્તિ છે. ધર્મમાં ધારણ કરવાની શક્તિ છે. ધર્મની શક્તિનો વિચાર કરવો જરૂરી છે. ધર્મનો પ્રારંભ નવકારથી થાય છે.

સામુદાયિક જાપથી અનેક ગણો લાભ થાય છે. અનેકનું બળ એમાં ભળે છે. ઘણા તંતુ ભેગા થાય તો દોરડું મજબૂત બને છે. આ બળ સમૂહનું છે. વાંસના વૃક્ષો સમૂહમાં સલામત હોય છે. સમૂહમાં કોઈ એકાવતારી હોય, કોઈ તીર્થંકરનો જીવ પણ હોય, તે પુન્યશાળીઓના પ્રભાવે આપણું કામ પણ સરળ બની જાય છે.

જૈન સંઘ તીર્થંકર - ગણધરની ખાણ છે. તીર્થંકર થવાની ભાવના જૈન સંઘમાં જીવંત છે. 'ખામેમિ સવ્વ જીવે' એ તીર્થંકર બનાવનાર ભાવના છે.

લૌકિક માર્ગમાં ચમત્કાર ત્યાં નમસ્કાર છે. લોકોત્તર માર્ગમાં નમસ્કાર ત્યાં ચમત્કાર છે. બધા ચમત્કાર નમસ્કારમાંથી ઉત્પન્ન થયા છે. ગૌત્તમસ્વામીમાં નમસ્કાર હતો માટે એમનામાં ચમત્કાર હતો. નમસ્કારમાં બધી લબ્ધિઓ ભરી છે તે આપણને પણ મળે માત્ર નમસ્કાર કરતી વખતે સમર્પણભાવ જોઈએ.

નમસ્કાર કરનાર સર્વ કોઈને અરિહંત તારે છે. જો આપણે એને વળગીએ તો પછી ભય રાખવાની જરૂર નથી. ભગવાનમાં તારવાનું સામર્થ્ય છે. માટે તરીએ છીએ. એવી શ્રધ્ધા સંપૂર્ણ ફળ આપે છે. અરિહંતની શક્તિ અચિંત્ય છે. માટે ચંદ્રથી અધિક નિર્મલત્તર, સૂર્યથી અધિક તેજસ્વી, સાગરથી અધિક ગંભીર ઈત્યાદિ ઉપમાઓ તીર્થંકરને આપેલી છે.

આપણે નમસ્કાર કરીએ છીએ, માટે તરીએ છીએ. એમ માનવામાં આપણી શક્તિની મુખ્યતા છે. આપણા પુરૂષાર્થનું સમર્થન છે. જ્યારે અરિહંત તારે છે એમ માનવામાં અરિહંતની અચિંત્ય શક્તિનો સ્વીકાર છે. તેવી શ્રધ્ધા આપણા આત્મામાં સંપૂર્ણ ભાવ નમસ્કાર પ્રગટાવે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ભ. મહાવીરના જન્મ પહેલા ત્રિશલા રાણીએ જોયેલા ચૌદ મંગળમય સ્વપ્નો

- *વિનોદ જે. કપાસી*

અષાઢ મહિનાની, શુકલ પક્ષની ૬ઠ્ઠીએ, ૨૦ સાગરોપમ વર્ષનું આયુષ્ય સમાપન કરીને શ્રમણ ભગવાન મહાવીર મહાવિજય પુષ્પોત્તર વિમાન દ્વારા આ જંબુદ્વિપમાં ભારતવર્ષ પર ઊતર્યા અને દેવાનંદા નામની સ્ત્રીની કુક્ષિમાં પધાર્યા ત્યારે દેવાનંદાએ અર્ધજાગ્રત અવસ્થામાં ચૌદ સ્વપ્નો જોયા :

ગજ, વૃષભ, સિંહ, અભિષેક, દામ, શશિ, દિનકર, ધ્વજ, કુંભ મનોહર, પઉમસર, સાગર, વિમાન ભવન રત્નોચ્ચય, જ્યોતિ અતિ સુંદર.

આ રમણીય, મંગલકારી સ્વપ્નોને નીરખીને દેવાનંદા ખૂબ જ પ્રફુલ્લિત થઈ ગઈ અને તેના પતિ ઋષભદત્તને આ સ્વપ્નોની વાત કરી. ઋષભદત્ત પણ આ સ્વપ્નોની વાત સાંભળીને ખૂબ જ પ્રફુલ્લિત થયા.

દેવોના દેવ એવા શક્ર, મહા પરાક્રમી, પરમ વીર, દક્ષિણાર્ધ લોકના સ્વામી, ૩૨ લાખ વિમાનના માલિક, ઐરાવત હાથીના ધારણ કરનારા, હેમ કુંડળ અને સુશોભિત વસ્ત્રોથી શોભાયમાન એવા પોતાના સુધર્મા નામના સભાગૃહમાં વિરાજતા હતા. એ સમયે પોતાના અવધિજ્ઞાનના બળે, જંબુદ્વીપમાં વિચરતાં વિચરતાં એક વાર કુંદગ્રામનગરીમાં દેવાનંદાની કુક્ષિમાં શ્રમણ ભગવાન મહાવીરને ગર્ભમાં નિહાળ્યા.

જે રાત્રે શ્રમણ ભગવાન મહાવીરને દેવાનંદાના ગર્ભમાંથી ત્રિશલાના ગર્ભમાં સ્થાપવામાં આવ્યા ત્યારે ત્રિશલા રાણી પોતાના શયનગૃહમાં સૂતાં હતાં. ત્રિશલા માતાનો છત્ર-પલંગ રત્નમય ચાદરોથી આચ્છાદિત હતો. આવા છત્ર-પલંગ પર અર્ધજાગ્રત, અર્ધનિદ્રામાં ત્રિશલાએ નીચે પ્રમાણે ચૌદ મંગળમય મહાસ્વપ્નો જોયાં અને જાગી ઊઠયાં આ સ્વપ્નો હતાં:

**પ્રથમ સ્વપ્ન : ગજ અને હાથી :**

શકિતશાળી, શુભ, સુંદર અવયવો અને દંતશૂળવાળો, ગંડસ્થળથી મદ ઝરતો હોય એવો સર્વ લક્ષણોથી યુકત હાથી જોયો.

**દ્વિતીય સ્વપ્ન : વૃષભ :**

એ પછી કમળની પાંદડીઓના સમૂહથી પણ વધુ શુભ, સુંદર અવયવોવાળો, શક્તિશાળી, સુંદર દાંતવાળો શુભ ચિહ્નોવાળો વૃષભ - બળદ જોયો.

**તૃતીય સ્વપ્ન : સિંહ :**

એ પછી આનંદિત, ચંદ્ર સમાન દેખાવડો એવો સિંહ તેના મુખ પ્રતિ આવતો જોયો. પ્રમાણયુકત અવયવો-વાળો, અગ્ર જિહ્વાવાળો, લાંબી મૃદુ કેશવાળીવાળો, તીક્ષ્ણ લાંબા નહોરવાળો એવો સિંહ જોયો.

**ચતુર્થ સ્વપ્ન : લક્ષ્મીદેવી :**

એ પછી ત્રિશલાએ લક્ષ્મીદેવી નિહાળ્યાં. પૂર્ણ ચંદ્ર જેવું મુખ, કમળ સરોવરમાં ઊંચા શિખર પર બિરાજમાન, ખૂબ જ મંગળ, સુશોભિત, કાચબા જેવા વાહનવાળા, મણિમય રત્ન તથા આભૂષણોથી શોભાયમાન, પુષ્પોની સુમધુર સુગંધોથી વ્યાપ્ત, આજુબાજુ બે હાથીઓ જેને અભિષેક કરી રહ્યા છે તેવાં લક્ષ્મીજીને ત્રિશલાદેવીએ પોતાનાં સ્વપ્નમાં નિરખ્યાં.

**પાંચમું સ્વપ્ન : ફૂલોની માળા :**

એ પછી ત્રિશલા રાણીએ એક અતિ સુંદર અને સુગંધી એવી પુષ્પોની માળા દીઠી. રંગ - બેરંગી રમણીય પુષ્પોથી આકર્ષાઈને ભ્રમરગણ તેની આસપાસ ગુંજી રહ્યાં હતા.

**છઠ્ઠું સ્વપ્ન : શશિ :**

ચંદ્ર ગાયના દૂધથી પણ વધારે શુભ, દર્પણની સપાટી સમાન, કમળ-સમૂહ જેવો, પવિત્ર, પ્રેમભર્યો, સાગરના તરંગોને ઉછાળનાર સોમ-ચક્ર જેવો શોભિત, પૂર્ણ ચંદ્ર, પૂર્ણ તેજોમય, રોહિણીના અંતરતમને શાતા આપતો એવો પ્રકાશિત હતો.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**સાતમું સ્વપ્ન : સૂર્ય :**

સૂર્ય પ્રકાશનો પુજ, ગ્રહોનો સ્વામી, પોતાના તેજસ્વી કિરણોથી શીતળતાને દૂર કરતો એવો સૂર્ય દેખાયો.

**આઠમનું સ્વપ્ન : ધ્વજ :**

નક્કર સોનાના દંડ સાથે બાંધેલો અત્યંત મોટો એવો ધ્વજ હવામાં મુક્તપણે ફરફરતો લહેરાતો હતો.

**નવમું સ્વપ્ન : કળશ :**

એ પછી કંચન - કળશ જે નિર્મળ જળથી ભરેલો હતો. રિધ્ધિ - સિધ્ધિના ચિહ્ન સમાન, પુષ્પમાળથી વીંટળાયેલો એવો રજત-કળશ જોયો.

**દશમું સ્વપ્ન : કમળ - સરોવર :**

કમળ, કુવલય, ઉત્પલ, તામરસ, પુંડરિકનાં પુષ્પોથી સભર એવું નીલ સરોવર, સહસ્ત્ર કમળોથી યુક્ત, જળચરવાળું, આહ્લાદક સરોવર જોયું. જ્યાં કમળો પર ભ્રમરો ગુંજારવ કરતા હતા. હંસ અને ચક્રવાક, બતક, સારસ વગેરે મુક્તપણે વિહાર કરતાં હતાં.

**અગિયારમું સ્વપ્ન : ક્ષીરસમુદ્ર :**

એ પછી ત્રિશલા રાણીએ દૂધથી છલકાતો, નિર્મળ ચંદ્ર સમ, તરંગો યુક્ત, સમીર લહેરોથી ચારે તરફ ઊછળતો તેજસ્વી સમુદ્ર જોયો.

**બારમું સ્વપ્ન : વિમાન-વરપુંડરિક :**

પ્રભાતના સૂર્ય સમાન, એક હજારને આઠ સુંદર સુવર્ણસ્થંભો યુક્ત, રત્નજડિત, સુંદર ચિત્રોથી સભર, આ વિમાન સંપૂર્ણપણે ચારે દિશામાં પ્રકાશનો પુંજ ફેલાવતું હતું.

**તેરમું સ્વપ્ન : રત્નોચ્ચય :**

એ પછી રત્નોનો સમૂહ, મેરુ પર્વત જેટલો ઊંચો, રત્નોથી તે સભર હતો અને આકાશને દેદીપ્યમાન કરી રહ્યો હતો.

**ચૌદમું સ્વપ્ન : શિખા :**

એ પછી ત્રિશલાએ નિર્ધૂમ અગ્નિ જોયો. અતિ તેજસ્વી, શિખાયુક્ત, સુંદર, ઘીથી બળતી, સર્વત્ર પ્રકાશ ફેલાવતી જ્યોતજવાળા જોઈ.

આ ચૌદ સ્વપ્નો જોઈને ત્રિશલા અત્યંત પ્રસન્ન થયા. આનંદવિભોર થયા. પૂર્ણ જાગ્રત થઈ પોતાના શયનખંડમાંથી બહાર આવીને પોતાના પતિ, સિધ્ધાર્થ રાજાને જગાડચા અને આ સ્વપ્નોની વાત કરી તથા સ્વપ્નોનો શું અર્થ હશે તે જાણવાની જિજ્ઞાસા પ્રદર્શિત કરી.

**સિદ્ધાર્થ રાજા બોલ્યા :**

'હે દેવાનુપ્રિયે ! તેં ખરે જ ખૂબ જ ઉમદા સ્વપ્નો નિહાળ્યાં છે, કલ્યાણકારી સ્વપ્નો નિહાળ્યા છે. ખરેખર તે સ્વપ્નો મંગળમય, ભાગ્યવંતા, આશિષકારી છે. આનાથી આરોગ્ય-લાભ, ચિરંજીવીપણું અને કલ્યાણ પ્રાપ્ત થશે. આપણી રિધ્ધિ, સિધ્ધિ, રાજ્ય, મિત્રો, ધન, સુખ વગેરેમાં વૃદ્ધિ થશે. નવ માસ સાડા સાત દિવસે અને રાત્રિ વીતતાં તારી કૂખે પુત્રનો જન્મ થશે જે કુળની વૃદ્ધિ કરનાર હશે, આપણા કુળનો દીપક હશે. આપણા ગૌત્રનો મુકુટ હશે.

યુવાન વયે તે શૂર અને વીર થશે. સર્વ પ્રકારનું જ્ઞાન સંપાદન કરશે અને મહાન લશ્કરવાળો, સર્વ પ્રકારનાં વાહનો અને સાધનોવાળો બની વિશાળ રાજ્યસત્તા ધારણ કરશે.'

ત્રિશલા રાણી આ સાંભળીને ખૂબ જ પ્રસન્ન વદને બોલ્યા, 'જે તમે કહો છો એ સત્ય છે, મારા સ્વામી ! મને એમાં શંકા નથી.'

આમ કહીને ત્રિશલા રાણીએ રાત્રિનો શેષ ભાગ જાગ્રત અવસ્થામાં જ ગાળ્યો.

**(તા.૨૭-૧૦-૦૫ ના 'સંદેશ'માંથી સાભાર)**

---

***જે શરીરના રોગો અને બીજા દુઃખોથી આક્રાંત છતાં કોઇની આગળ પોતાનું દુઃખ રોતો નથી, પોતાનું માનસિક સ્વાસ્થ્ય જાળવી રાખે છે અને મળવા આવનારાઓને પોતાના મુખ પરના સ્મિતથી સત્કારે છે.***

***એવો સહનશીલ ધીર મનુષ્ય ખરેખર આધ્યાત્મિક પરાક્રમવાળો છે, જેને જોઇને બીજા દુઃખીઓનું પણ દુઃખ હળવું થઇ જાય છે.***

*- કલ્યાણ ભારતી*



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જૈન સાહિત્ય પ્રકાશનમાં 'શ્રી જૈન આત્માનંદ સભા'નો માતબર ફાળો

(આશરે ઈસ્વીસન ૧૯૦૩ - ૧૯૦૪ ના વર્ષમાં ભાવનગરમાંથી ''જૈન' સાપ્તાહિક નામનું પ્રકાશન શેઠ દેવચંદ દામજી કુંડલાકરે શરૂ કરેલ. આ સપ્તાહિકના ઈ.સ. ૧૯૪૭ થી ૧૯૭૯ ના સમય ગાળામાં તંત્રીશ્રી ગુલાબચંદ દેવચંદ શેઠ વતી પંડિતશ્રી રતિલાલ દીપચંદ દેસાઈએ લખેલ અગ્રલેખો અને તંત્રી નોંધો મળી લગભગ ૫૨૦ લેખોનું સુંદર સંકલન - સંપાદન તે લેખકશ્રીના સુપુત્રશ્રી નીતિનભાઈ દેસાઈએ કર્યું છે. આ સંગ્રહ કુલ ૧૬૩૬ પાના જે ત્રણ ભાગમાં સમાયેલ છે. (પ્રકાશક - ગુર્જર ગ્રંથ રત્ન કાર્યાલય - અમદાવાદ) તે પ્રકાશન ગ્રંથ 'જિનમાર્ગનું જતન'માં નીચે મુજબનો લેખ પ્રકાશિત થયેલ છે. જે 'જૈન' સાપ્તાહિકના તા.૨૭-૯-૧૯૭૫ના અંકમાં પ્રકાશિત કરવામાં આવેલ. જે નીચે મુજબ છે.)

ભાવનગરની સુપ્રસિદ્ધ પ્રકાશન - સંસ્થા 'શ્રી જૈન આત્માનંદ સભા'એ જૈન સાહિત્યનાં પ્રાચીન શાસ્ત્રીય તેમ જ અન્ય વિવિધ વિષયનાં સંખ્યાબંધ પુસ્તકોનું આધુનિક વૈજ્ઞાનિક પદ્ધતિથી સંશોધન-સંપાદન કરાવીને, સુઘડ, આકર્ષક અને સ્વચ્છ રૂપમાં પ્રકાશન કરીને જૈનવિદ્યાના ક્ષેત્રમાં કામ કરતા દેશ-વિદેશના જૈન તેમ જ અન્ય વિદ્વાનોમાં ઘણી નામના મેળવી છે; અને એ રીતે જૈન ધર્મ, સંઘ અને સાહિત્યની ખૂબ મહત્ત્વની સેવા બજાવીને જૈનશાસનની મૂકપણે પ્રભાવના કરવામાં અગત્યનો અને નોંધપાત્ર ફાળો આપ્યો છે.

શ્રી જૈન આત્માનંદ સભાની આવી ઉજ્જવળ અને યશસ્વી કારકિર્દીમાં પ્રશાંતમૂર્તિ અને જીવંત સમભાવ સમા શ્રમણશ્રેષ્ઠ પ્રવર્તકજી શ્રી કાંતિવિજયજી મહારાજ, આજીવન વિદ્યાસાધક અને વ્યવહારદક્ષ એમના શિષ્ય મુનિરત્ન શ્રી ચતુરવિજયજી મહારાજ અને તેમના શિષ્યરત્ન આગમપ્રભાકર, શ્રુતશીલવારિધિ, જ્ઞાનમૂર્તિ મુનિવર્યશ્રી પુણ્યવિજયજી મહારાજ - એ મુનિત્રિપુટીનો ફાળો અસાધારણ અને બેનમૂન કહી શકાય એવો હતો. ઉદારચિત્ત અને વત્સલ શ્રમણશ્રેષ્ઠોની આ ત્રિપુટીના પ્રેર્યા અન્ય અનેક મુનિવરો અને ગૃહસ્થ વિદ્વાનોની કિમતી સેવાનો લાભ પણ આ સંસ્થાને મળતો રહ્યો છે. આ મુનિ-ત્રિપુટીની એક વિશેષતા એ હતી કે તેઓ આ સંસ્થાનાં પ્રકાશનો આધુનિક સંશોધનકળાની દૃષ્ટિએ ઉત્તમ કોટિનાં અને આંતરરાષ્ટ્રીય ધોરણની કસોટીએ પણ ઉત્તમ પુરવાર થાય એ વાતનું જેમ ધ્યાન રાખતા હતા, તેમ આવાં પ્રકાશનો માટે સંસ્થાને નાણાસંબંધી મુશ્કેલીમાં મુકાવું ન પડે એનો પણ હંમેશાં ખ્યાલ રાખતા હતાં.

આ સંસ્થાના ઉત્કર્ષમાં જેમ આ મુનિવરો, અન્ય મુનિવરો તથા ગૃહસ્થોનો મહત્ત્વનો ફાળો હતો, તેમ આ સંસ્થાનું ઉત્તમ રીતે સંચાલન થતું રહે અને સંસ્થાની પ્રતિષ્ઠામાં ઉત્તરોત્તર વધારો થતો રહે એ માટે આ સંસ્થાના સંચાલક - મહાનુભાવોની ધ્યેયલક્ષી, નિષ્ઠાભરી અને આત્મીયતાની લાગણીથી પ્રેરાયેલી કામગીરીનો ફાળો પણ કંઈ નાનો - સૂનો નથી. રથના બીજા ચક્રની જેમ તેઓએ પણ પોતાની સંસ્થાના ઉત્કર્ષ માટે ખૂબ મન દઈને કામ કર્યું છે અને એમ કરીને તેઓ શ્રીસંઘના અભિનંદન અને ધન્યવાદના અધિકારી બન્યા છે. જે સંસ્થાને ભાવનાશીલ અને નિષ્ઠાવાન કાર્યકરો મળતા રહે છે તે બડભાગી છે; અને એવી સંસ્થાઓ જ પ્રગતિ કરીને શ્રીસંઘ અને સમાજની સેવા બજાવી શકે છે. શ્રી જૈન આત્માનંદ સભા આવી જ ઉત્તમ સંસ્થા છે.

(તા. ૨૭-૯-૧૯૭૫)

સંકલન : જે.બી. શાહ - સુરત



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી મુહરી પાર્શ્વનાથ ભગવાન શ્રી ટીંટોઈ તીર્થનો ઈતિહાસ

(૨૫૦૦ વર્ષ પૂર્વે ગુરુ ગૌત્તમસ્વામી વડે 'મુહુરી પાસ દુહ દુરિઅખંડણ' પદ વડે સ્તુતિ કરાયેલા મોહનું હરણ કરનારા દુ:ખ દુરિતનું ખંડન કરનારા - ૧૦૮ પાર્શ્વનાથમાંના એક ૨૫૦૦ વર્ષ પ્રાચીન)

આજથી ૩૦૦ વર્ષ પૂર્વે અરવલ્લીના પર્વતોની હારમાળામાં નિર્સગના સૌંદર્યથી ભરપુર મુહરીનગર વસેલું હતું. આજનું શામળાજીનગર આ મુહરી ગામનું પરગણું. મુહરી પાર્શ્વ પ્રભુના અહીં બેસણા હતા.

સાબરકાંઠા માટે શેરડીના સાંઠા જેવો આ મધુર ઈતિહાસ વિ.સ. ૧૭૫૧માં મુનિ જયવિજયરચિત પ્રાચીન પ્રતમાંથી પ્રાપ્ત થાય છે.

પ્રભુના નયનોમાંથી વહેતા કરુણાના જળમાંથી જાણે મેશ્વો નદીનો જન્મ થયો હોય એવી સરિતાના કાંઠે વસેલા મુહરી ગામમાં શ્રી મુહરી પાર્શ્વપ્રભુજી બિરાજમાન હતા. પ્રભુજીના ચરણોને પખાળતી, ખળખળ વહેતી, બંનેય કાંઠાને લીલીછમ રાખતી મેશ્વો નદીની બંનેય તરફ આભ ઊંચી ઉભેલી ટેકરીઓ, સૃષ્ટિએ સર્જેલ સુરક્ષા કવચ હતી.

થોડા વર્ષો પૂર્વે મેશ્વો નદી પર ડેમના બાંધકામ વખતે થયેલા ખોદકામમાં નીકળેલ અનેકાનેક પ્રાચીન અવશેષો અને બુદ્ધના સ્તૂપમાંથી મળેલા અસ્થિ અને વાળનો ડાબલો વગેરે દ્વારા આ સ્થળ ૨૫૦૦ વર્ષ પ્રાચીન હોવાની ગવાહ પુરે છે. ગુરુ ગૌત્તમસ્વામી દ્વારા સ્તુતિ કરાયેલા હોવાનું દઢ કરે છે.

ઈતિહાસનું થોડું ખોદકામ કરીએ તો એક દુ:ખદ ઘટનાને પણ આંખ તળેથી પસાર થવા દેવી પડે. ધર્માંધ મુસ્લિમોને શાસકોના આક્રમણ કાળમાં વિ.સ.૧૭૫૧ની સાલ પછીના કાળમાં કોઈ આક્રમણ થયાનું અનુમાન થાય છે. ધર્મપ્રેમી ઉપાસકોએ પ્રભુને ઉત્થાપન કરી ભૂગર્ભમાં પધરાવ્યા હશે. શાસકો સામે ઉપાસકોની અગમચેતીએ પ્રભુજીને અને પ્રભુભક્તોની શ્રદ્ધાને જીવંત રાખી જેણે પ્રભુજીને આપણા સુધી આજ પહોંચાડ્યા.

મેશ્વો ડેમના કિનારે ભગ્ન મંદિરના અવશેષો આજે પણ એ ઘટનાની સ્મૃતિને સજીવન કરે છે.

જે પ્રભુભક્તિ મુક્તિને ખેંચી લાવે તે ભક્તિ શક્તિને અને વ્યક્તિને ખેંચી લાવે એમાં શું નવાઈ ? પ્રભુજીની ઈચ્છા ટીંટોઈમાં બિરાજમાન થવાની હતી. નાના ગામનું મોટું સદ્‌ભાગ્ય ! પ્રભુજીના અધિષ્ઠાયક ભક્ત દેવો જાગ્રત હતા. વિ.સં. ૧૮૨૮ની સાલમાં ટીંટોઈ ગામના એક શ્રાવકને સ્વપ્ન સંકેત કર્યો. મુહરી ગામનું પાકું સરનામું આપ્યું. પ્રભુજીને જમીનમાંથી બહાર કાઢવા પ્રેરણા કરી. ટીંટોઈ સંઘ આનંદથી ઝૂમી ઉઠયો.

સંકેત સ્થળે ખોદકામ કરી પ્રભુજીને પ્રાપ્ત કર્યા. ઉમંગથી છલકાતા હૈયે ગાડામાં પ્રભુજીને પધરાવી નાનકડી કન્યાએ ગાડું ખેંચતા ભારેખમ ગાડું હલકુ ફૂલ થઈ ચાલવા લાગ્યું. ટીંટોઈ ગામ આવતાં પ્રભુજી ગાડામાંથી ઉંચકાઈ ગયા. જાણે બીજા અંતરિક્ષ પ્રભુજી !

આજથી ૨૩૪ વર્ષ પૂર્વે અધિષ્ઠાયક દેવની ભાવનાનો સત્કાર કરી શ્રીસંઘે ટીંટોઈમાં જ ત્રણ શિખરવાળું ભવ્ય જિનાલય નિર્માણ કર્યું. પારસમણિ જેવા પ્રભુજીની સંવત ૧૮૨૮ની સાલમાં પ્રતિષ્ઠા કરવામાં આવી.

ટીંટોઈ ગામ પ્રભુજીનું ધામ છે. ટીંટોઈ ગામ પ્રાચીન તીર્થ છે. ટીંટોઈ ગામ તારક તીર્થ છે. મુહરી પાર્શ્વનાથ મોહના પાસને તોડનારા છે. મુહરી પાર્શ્વનાથ દુ:ખ દુરિત ખંડન કરનારા છે. મુહરી પાર્શ્વનાથ સંસારથી તારનારા છે. આ પવિત્ર તીર્થની શ્રદ્ધાપૂર્વક યાત્રા કરીને પાવન બનો.

**ટીંટોઈ તીર્થ કેવી રીતે પહોંચશો ?**

**ટીંટોઈ કેસરીયાજી - ૭૭. કી.મી.**
**અમદાવાદ - ટીંટોઈ - ૧૨૦ કી.મી.**
**હિંમતનગર - ટીંટોઈ - ૫૦ કી.મી.**
**ઈડર - ટીંટોઈ - ૪૩ કી.મી.**
**અમદાવાદ-હિંમતનગર - ૭૭ કી.મી.**
**મહેસાણા - હિંમતનગર - ૭૦ કી.મી.**
**હિંમતનગર - ઈડર ૨૮ કી.મી.**

**ટીંટોઈ સંપર્ક : શ્રી શ્વેતાંબર મૂ.પૂ.જૈન સંઘ-ટીંટોઈ**
**તા. મોડાસા, (જી. સાબરકાંઠા)**
**ફોન : (૯૫૨૭૭૪) ૨૬૬૧૪૭ / ૨૬૬૪૧૫**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ...ીર્થ શતાબ્દીનો મ...

## એપ્રિલ - મે મહિને ઉજવાશે

બનાસકાંઠા એટલે ઉત્તર ગુજરાતના પશ્ચિમ-વાયવ્ય સરહદે આવેલ પ્રાંત. એના થરાદ-વાવ-ડીસા શહેરોની સમીપે આવેલ ભોરોલતીર્થ જાગતા દેવ શ્રી નેમિનાથનું ધામ છે. આ ભૂમિની, મંદિરની, મૂર્તિની અને ગ્રામવાસી જૈનોની વિશેષતાઓ વિશ્વભરમાં સુવિખ્યાત છે.

વિક્રમની ૧૯૬૨મી સાલે આ ઈલાકાના ભાગ્યોદયરૂપ ભગવાન નેમિનાથ જમીનમાંથી સ્વયંભૂ પ્રગટચા. પ્રભુ પ્રતિમાનું નિર્માણ સમ્રાટ અશોકના પૌત્ર મહારાજા સંપ્રતિએ કરાવી દશ પૂર્વધર યુગપ્રધાન પૂ.આ.શ્રી સુહસ્તિસૂરિજી મ.સા. પાસે પ્રતિષ્ઠિત કરાવી હતી. પ્રતિમા શ્યામ ૩ ફુટ જેટલા નાજુક નમણા છે. અનેકવાર અમૃત ઝરણાં થાય છે. પ્રભુના નામે ચમત્કારોની વણઝાર ચાલે છે. હજારો ભક્તો આ દેવને દિલથી આરાધે છે.

નેમિનાથ પ્રભુની મુખ્યતાએ સંગેમરમરનું ચોવીશ જિનાલય બનેલ છે. જેને બે માળ છે. નીચે પંચધાતુના, સ્વર્ણમઢચા અપ્રતિમ પરિકરયુક્ત ચિંતામણિ પાર્શ્વનાથ ત્રિમૂર્તિ છે. તીર્થ જિનાલયમાં ચોવીશે ભગવાનની મૂર્તિઓ છે. વિ.સં. ૨૦૧૪માં દેરાસરના ચોકમાંથી એકીસાથે ૩૪ અખંડ મોહક પ્રતિમાજી નિકળેલાં, જેને ચોવીશ દેરીઓમાં સ્થાપિત કરાયાં છે. વિ.સં. ૨૦૫૨માં વૈશાખ સુદ ૭ના પૂ.આ.શ્રી વિ. **રાજતિલકસૂરિજી** મ.સા. તથા ગચ્છાધિપતિ પૂ.આ.શ્રી વિ. **મહોદયસૂરિજી** મ.સા. ની નિશ્રામાં અત્યંત જાજરમાન મહોત્સવ સાથે નૂતન પુનરુદ્ધાર પામેલ તીર્થપ્રસાદની પ્રતિષ્ઠા થઈ હતી ત્યારે સમગ્ર ઉત્તર ગુજરાત અને જૈનશાસને તેની નોંધ લીધી હતી.

ગત સો વર્ષમાં હજારો-લાખો ભવ્યોને જિનશાસનના ભકત બનાવી ભગવાન બનવાનો ઉપાય ચિંધતા પ્રભુ-પ્રગટનના સો વર્ષ પૂર્ણ થાય ત્યારે કયા ભકતને આનંદ ન થાય ? એમાંય ગ્રામવાસી સંઘજનોને તો આ પ્રસંગે જિનભક્તિનાં ઓવારણાં લેવાનાં કેવાં મન હોય ? - તે સમજી શકાય છે. તીર્થનાં જ રત્ન, જૈનશાસનને તપ અને પ્રવચન પ્રતિભાથી પ્રદ્યોતિત કરતા, વર્ધમાન તપોનિધિ પૂ.આ.શ્રી.વિ. **ગુણયશસૂરિજી** મ.સા. અને તેમના શિષ્યરત્ન પ્રવચન પ્રભાવક પૂ.આ.શ્રી. વિ. **કીર્તિયશસૂરીજી** મ.સા. કે જેઓ જૈનશાસન શિરતાજ તપાગચ્છાધિરાજ પૂ.આ.શ્રી **રામચંદ્રસૂરીશ્વરજી** મ.સા.ના અંતેવાસીઓ છે; તેમણે આ તીર્થ જિનાલયનું શાસ્ત્રીય માર્ગદર્શન આપેલ છે.

શતાબ્દી-પ્રતિષ્ઠા દશાબ્દી નિમિત્તે આગામી ૨૫મી એપ્રિલથી ૪ થી મે સુધી જે મહામહોત્સવ ભારોલ તીર્થમાં ઉજવાશે તેમાં તેઓશ્રી નિશ્રા-માર્ગદર્શન આપશે. આ મહોત્સવના હાયલાઈટ્સની અનુક્રમણિકા બનાવવામાં આવે તોય બે-ચાર ફુલસ્કેપ ભરાય જાય એટલાં એકથી એક સવાયાં અનુષ્ઠાનો સંઘના ઉપક્રમે ઉજવાનાર છે. એમાં અંજનશલાકા, પરિકર પ્રતિષ્ઠા, સામૂહિક દીક્ષા પ્રદાન, સૂરિપદ દશાબ્દી ઉજવણી, વર્ષીતપ પારણાં, દેરાસર-ગુરૂમંદિર સાલગીરી ધ્વજારોપણ વગેરે મુખ્ય પ્રસંગો થશે. વિધિવત્ વીશસ્થાનક પૂજા-પૂજન, ૪૫ આગમની રચના પૂર્વક પૂજા, ગઢ ગિરનારની ૪૦ ફુટ ઊંચાઈની સંરચના, રાજુલની ગુફાનું ધ્યાન, શતાબ્દી, નિમિત્તે સો કલાત્મક કમાનો, દશાબ્દી નિમિત્તે દસ મહાદ્વારો, જલયંત્રો, વાપીયંત્રો, હજારો ઢંકેલા દીપકોની રોશની, અવનવી આંગીઓ, સમગ્ર ભોરોલ ગામનો શણગાર, દસે દિન ત્રણે ટંકનાં સ્વામિવાત્સલ્યો, વરઘોડાઓ, લોક પ્રબોધન કથાઓ, પ્રવચનમાળાઓ, અનુકંપા અને જીવદયાનાં પ્રશસ્ય કાર્યો, તીર્થ વિકાસની ભવ્ય ગાથાઓ, રંગોળીઓ, શણગારો, માંડણીઓ વગેરેથી તીર્થમાં દેવલોકનું જાણે અવતરણ કરવા ભક્તો થનગની રહ્યા છે.

આ પ્રસંગે અનેક સાધુ-સાધ્વીજી નિશ્રા-ઉપસ્થિતિ આપશે. ગુજરાત અને બનાસકાંઠાના ગામડે - ગામડેથી શ્રાવક - શ્રાવિકાઓ પધારશે. ભારતભરના તમામ સંઘોને ભોરોલ તીર્થના જૈન સંઘે આમંત્ર્યા છે.

અત્રે દસ વર્ષ પહેલા થયેલ પ્રતષ્ઠિા મહોત્સવ, ઉપધાન-દીક્ષાદિના મહોત્સવ જે રીતે ગાજ્યા છે તે જોતાં શતાબ્દી - દશાબ્દી મહામહોત્સવ પણ એવો જ સંસ્મરણીય બની રહેશે એમ જાણકારો કહી રહ્યા છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી ચતુર્વિધ સંઘઃ તવારીખની તેજછાયા : એક અવલોકન

: અવલોકનકાર ડૉ.પ્રફૂલ્લાબેન વોરા

પરમપૂજ્ય આ.શ્રી કુન્દકુન્દસૂરીશ્વરજી પ્રેરિત અને મા સરસ્વતીના ખોળે સમય, શકિત અને વિત્તનું અર્ધ્ય ચડાવનાર જૈનેતર છતાં સવાયા જૈન બનનાર શ્રી નંદલાલભાઈ દેવલુક રચિત 'શ્રી ચતુરવિંધ સંઘઃ તવારિખની તેજછાયા' ગ્રંથ એટલે શ્રી જૈન શાસનના ઐતિહાસિક સુવર્ણમય દસ્તાવેજનું મહામૂલું નજરાણું. શ્રી જૈનશાસનનું સિંહાસન જેના આધારે અચલ અને અજોડરૂપે પ્રતિભાવંત બન્યું છે એવા ચાર આધારસ્તંભો એટલે સાધુ-સાધ્વી - શ્રાવક અને શ્રાવિકા. શ્રી તીર્થંકર પરમાત્મા પોતે નમસ્કાર કરીને 'નમો તિત્થસ્સ' કહીને જેની સ્થાપના કરે છે એ ચતુર્વિધ સંઘ આ શાસનને ઝળહળતું રાખે છે. આ વિરાટ ગ્રંથમાં સારસ્વત સંપાદકે એવા પ્રતાપી પૂર્વાચાર્યો, શાસ્ત્ર વિસારદો, વિદ્યાવાચસ્પતિઓ, શ્રુત સાધકો, ચૌદપૂર્વના પારગામીઓ, પ્રખર પંડીતો, આગમના બહુશ્રુત ભાષ્યકારો, પ્રભાવક આચાર્યો, ધર્મગુરુઓ, લબ્ધિધારી સાહિત્યકારો, વિદ્યાપુરુષો, શ્રુતશણગારના અધિકારીઓ, શ્રમણરત્નો, સંયમદીપના પ્રકાશક મુનિ ભગવંતો, પ્રબુદ્ધ પ્રતિભાઓ, તેજસ્વી તારકસમા સાધક સૂરિઓ, શાસનના આભૂષણ એવા શ્રમણીરત્નો, વિદૂષીઓ, શ્રી જૈન શાસનના ઉદ્યાનમાં સુગંધ લહેરાવનારા પ્રેરણાદાયી સાધ્વીજીઓ, આરાધકો, ઉપાસકો અને જ્ઞાનદાતા કર્મવીરો, ગુણાનુરાગી શ્રાવકો, તપસ્વીરત્નો, શ્રી જૈન સંસ્કૃતિના રખેવાળ ગણાતા સંવર્ધકો, યુગપુરુષોની તેજરેખાને જન્મ આપનાર સુશ્રાવિકાઓ, સંયમમૂર્તિ અને માનવતાની સરવાણી વહેવડાવનારા નારીરત્નોના પ્રાચીન અને અર્વાચીન આલેખને સમાવનાર આ મહાગ્રંથનું વિમોચન અમદાવાદમાં થયું.

અકલ્પ્ય ઉપકારી એવા શ્રી અરિહંત પરમાત્માનું આર્હન્ત્ય તેમજ સિદ્ધોનું સિધત્ત્વ પામ્યાની સાર્થકતા ધરાવનારા શ્રી સુધર્માસ્વામીની ગૌરવશાળી પાટ પરંપરાના પ્રભાવકો, વંદનીય શ્રમણ - શ્રમણીઓ અને યશસ્વી શ્રાવક - શ્રાવિકાઓ શ્રી જૈન શાસનની યશગાથાઓ છે. વર્તમાન સમયે પણ શ્રી ચતુર્વિધસંઘે આ વૈભવશાળી વારસાને જાળવવા માટેનો મહાન પુરુષાર્થ કરીને ઉચિત યોગદાન આપ્યું છે. આથી જ આ વારસો જાળવવો અનિવાર્ય છે. નહિં તો અનેક પ્રાચીન સંસ્કૃતિ જે રીતે કાળના ઝંઝાવાતી પ્રવાહમાં વિલીન થઈ ગઈ, એ રીતે આ ભવ્ય પરંપરાની માહિતી પણ વર્તમાન તથા ભાવિ પેઢી માટે અલભ્ય બની જાય. છેવટે ભાવિ પેઢી આ ઉજ્જવળ વારસાથી વંચિત રહે. શ્રી નંદલાલભાઈ દેવલુક ભાવિ પેઢીનું ભવિષ્ય અંધકારમય ન બની જાય તેની ચિંતા કરીને આ મહામૂલા વારસાને શ્રી જૈન શાસનને ગ્રંથસ્વરૂપે સમર્પિત કર્યો છે.

સહસ્ત્ર પાંખડીઓ (પૃષ્ઠસંખ્યા) ધરાવતા આ ગ્રંથ પુષ્પમાં જાજરમાન તેજતારકોની સૌરભ અને સમર્પણ ભાવ લહેરાતા અનુભવવા એ પણ સદ્ભાગ્ય ગણાય. આવું મહા ભગીરથ કાર્ય કરવાનો સંકલ્પ કરવો એ જ પરમાત્માની કૃપાદૃષ્ટિ દર્શાવે છે. સર્જકની શ્રદ્ધાનો આથી બીજો મોટો પુરાવો શો હોઈ શકે ? આ ગ્રંથનું નિર્માણ મોટી તપશ્ચર્યા પણ માગી લે છે. સાધના, ધીરજ અને ખંત વગર આ મહાકાર્ય શક્ય જ નથી. તેથી એમ કહી શકાય કે પરિશ્રમ, ખંત, ચોકસાઈ અને પુરૂષાર્થ એ આ સાધના સ્વસ્તિકની ચાર ભુજાઓ છે. તેના પરિણામે જ આ ગ્રંથ પ્રાપ્ત થયો છે. શ્રી જૈન શાસનને ચરણે ધરેલા આ દસ્તાવેજી મહાગ્રંથના આલેખનમાં રચયિતાની રસપ્રદ શૈલી અને સરળ છતાં અલંકૃત ભાષાવૈભવના દર્શન થાય છે.

આ ગ્રંથના સંપાદનની કેડી કઈ રીતે કંડારાઈ તેની ભાવાભિવ્યક્તિ પણ કરી છે. અહીં તેમનો જૈન ધર્મની મશાલને ઝળહળતી રાખવાનો દઢ સંકલ્પ સિદ્ધ થાય છે. ઉપરાંત આવી તેજગાથાઓની નૂતન ક્ષિતિજો વિસ્તારવાનો પરિતાષ પણ અહીં છલકાય છે. આ દર્શાવે છે કે આ વિરાટ સર્જન પાછળ સર્જકનું કર્મબળ ઘણું મહાન છે. તેમજ અનંત પુણ્યરાશિ પામ્યાથી શ્રી જૈન ધર્મની ગરિમાની પાત્રતા તેઓ પામી શક્યા છે. આવા પુણ્યકાર્ય માટે તેઓને વિદ્યાદેવી મા સરસ્વતીની ઉપાસના સિદ્ધ થઈ છે. જ્ઞાનાવરણીય કર્મોનો સુયોગ દર્શાવે છે કે તેમની સર્જનયાત્રાનો લાભ અવિરત મળ્યા કરશે. આ કાર્યને કોટિ કોટિ વંદના. વાચકને પણ મા શારદાની અસીમ કૃપાના અમીછાંટણાની અનુભૂતિ થશે એવી શ્રદ્ધા સાથે લાખ લાખ શુભેચ્છા !



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વૈયાવચ્ચ

લે. નગીનદાસ જે. કપાસી - વડોદરા

જેટલી માત-પિતાએ બાળકની સુશ્રુષા કરવાની છે. તેટલી જ ગુરૂ ભગવંતના વૈયાવચ્ચની કાળજી રાખવાની છે. તાપ કે ઠંડી હોય ખુલ્લા પગે વિહાર, સતત જીવદયાનું પાલન, ક્રોધ-માન-માયા-રાગ-દ્વેષનો ચારિત્ર્ય ગ્રહણ કરતાની સાથે સદંતર ત્યાગ.

સાધુ-સાધ્વી ભગવંતોની ગોચરીનો ખ્યાલ રાખવામાં આવે તે જરૂરી છે. હાલના ટી.વી. યુગમાં સમયની અને ખાનપાનની મર્યાદા રહી નથી. એટલે ગુરૂ ભગવંતની ગોચરીની સમસ્યા સર્જાય છે.

સાંભળેલી વાત છે; શહેરમાં ગુરૂજી બીરાજમાન હોય ચાતુર્માસમાં વ્યાખ્યાન, પ્રભુની વાણીનો ધોધ પ્રકાશતા હોય છે. શહેરમાં લગભગ સવારમાં વહેલા વ્યાખ્યાન હોય છે. વ્યાખ્યાન શ્રવણ કરવા ગાડીમાં થોડા સમય માટે આવેલા દંપત્તિ વિનંતી કરે ભગવંત નવકારશીનો લાભ આપજો. ગુરૂ ભગવંત શિષ્યને નવકારશી-ગોચરીનો આદેશ આપે. મુનિરાજ પહોંચે, બહાર બોર્ડ હોય કુતરાથી સાવધાન (પેલું દંપત્તિતો ગાડીમાં પહોંચી ટેબલ પર ગોઠવાઈ ગયું હોય) ચોકીદાર પેસવા ન દે પણ શેઠના ગુરૂ સમજી અંદર મુકવા આવે ત્યારે અગાઉથી ગહુંલી તૈયાર રાખી વધાવવાની વાત તો ઠીક પણ બેઠા બેઠા હુકમ છુટે મારાજ, મહારાજને જે જોઈએ તે આપી દેજો. આજે આ સ્થિતિ છે, સર્વત્ર નથી.

જો કે ગુરૂ ભગવંત સમજીને અનુસરે છે. ક્ષમા ભાવના રાખે છે. અને તે જરૂરી છે. મારી ગુરૂ ભગવંતને વિનંતી છે કે દરેક બાબતમાં આપ સમય પ્રમાણે વર્તો છો તેમ વ્યાખ્યાનમાં પણ સમયની મર્યાદા ન જળવાય તો આ હાલના ટ્રાફિક અને હાડમારીના જમાનામાં ક્ષમ્ય ગણવું. અગાઉ તે મર્યાદા સચવાતી. દા.ત. અર્થ ગ્રહ અને સત્તાગ્રહથી મહાન બનેલા એક શેઠે સમયસર વ્યાખ્યાનના પ્રખર પ્રવક્તા ગુરૂ ભગવંત પૂજ્ય લાભાનંદજીને કહ્યું કે વ્યાખ્યાન સમયે મારી રાહ જોઈ હોત તો વધુ સારૂ હતું. આવું એક બે વાર બન્યું. ગુરૂજી મૌન રહ્યા. બીજીવાર શેઠે જ્યારે એમ કહ્યું કે આપને ઉત્તમ ગોચરી વહોરાવું છું. એક કિંમતી ગરમ શાલ પણ વહોરાવી છે. ગુરૂ ભગવંતે વ્યાખ્યાન પૂર્ણ થતાં માંગલિક પ્રકાશી ઉભા થઈ કહ્યું. શેઠજી ગોચરી તો મારાથી વપરાઈ ગઈ છે. આ તમારી કિંમતી શાલ પાછી આપું છું. એમ કહી ઉપાશ્રય છોડી જંગલમાં ચાલ્યા ગયા. જે પરમ યોગીશ્રી આનંદઘનજી તેઓશ્રી રચીત ચોવીશી સ્તવનો ઘણા આધ્યાત્મિક અને પ્રચલીત છે. 'અવસર બેર બેર નહિ આવે.' આ અવધૂત થકી પત્થરની શીલા સોનાની બની જાય છે. આ વિગત વિસ્તારથી જણાવાઈ નથી. કારણ કે ગુરૂભગવંત થકી પ્રભુની વાણી કેવા ચમત્કાર સર્જે છે તે વિગત ટૂંકમાં નોંધવી છે.

ભગવાનની પાટ પરંપરાના ૫૫-૫૬માં આચાર્ય ભગવંત હેમવિમલસુરી અને આણંદવિમલસુરી મહારાજાના સમયમાં માણેકશાહ શ્રેષ્ઠી ગુરૂ ભગવંતના મુખેથી શત્રુંજય મહાત્મ્ય ગ્રંથનું ચાતુર્માસ દરમ્યાન શ્રવણ કરે છે. અને ભાવવિભોર થઈ દાદાને ભેટવાના અભિગ્રહ સાથે ચાતુર્માસ પછી વિચરે છે. રસ્તામાં મગરવાડા લુંટારાના હસ્તે હત્યા થાય છે. મગરવાડા પીંડી પડે છે અને ગુરૂ મહારાજના હસ્તે પીંડીની સ્થાપના થાય છે. એકદમ ટુંકામાં જણાવેલ છે. માણેકશાહ-માંથી શ્રી માણિભદ્ર બનેલા ઈન્દ્રમહારાજના ત્રણ સ્થાનક છે. મૂળ ઉજ્જૈન, પ્રાગટ્ય થયેલ તે મગરવાડા અને ત્રીજુ આગલોડ. આ માહિતી રજૂ કરનાર સેવકે શ્રી શાશ્વતા તીર્થ સાથે ઉપરની તમામ વિગત દર્શાવતો પટ શ્રી દેવગુરૂ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધર્મ પ્રસાયે તૈયાર કરાવેલો છે. અને મૂળ સ્થાનક ઉજ્જૈન અને પાલીતાણા - જમ્બુ દ્વીપ પાસે તેમના મંદિરે ૪૦'' × ૩૦'' લેમીનેશન વાળા પટ પધરાવેલ છે અને આગલોડ મગરવાડા વિ. સ્થળે ૨૦ × ૧૫ ના છે આ કોઈ પ્રસંશા માટે નહી ફકત યાત્રાએ જતા શાસનરક્ષક દેવના દર્શનનો લાભ અને કૃપા મળે તે માટે ક્ષમા.

ઉપર જણાવ્યું તેમ ગુરૂ ભગવંતને જો પૂર્ણ શ્રદ્ધા ભાવથી પાત્રામાં વહોરવામાં આવે તો તેનું પુણ્ય જ્ઞાની ભગવંતોએ અનેકગણું કહ્યું છે. આપણા વડોદરાની નજીક ધોળકા જે કલીકુંડ તીર્થ છે ત્યાં વિરધવળ રાજવીના રાજ હતા. આ વિગત લખનારના પૂજ્ય પિતાશ્રીએ જે મહાપુરૂષો અને અનુપમા દેવીની પ્રસંશા પોતાની કથામાં વર્ણવી છે. તે મહાપુરૂષો આ રાજવીના મંત્રીપદે હતા. તે સમયમાં પણ અભ્યાગતો માટે રસોડા ચાલતા અને જ્ઞાતિભેદ વગર જમાડવામાં આવતા. આ કામ વસ્તુપાલજી તેજપાલજીને સોંપેલ અને દેખરેખ દેવીસ્વરૂપા અનુપમાદેવી રાખતા. આજની જેમ તે વખતે પણ રાજખટપટ હતી. રાજવીના કાનભંભેરવામાં આવ્યા કે આ બંને ભાઈ રાજકોષના નાણાથી રસોડું ચલાવે છે પણ તેનો જશ તે લોકો મેળવે છે. અને તેમના તરફથી ચાલતું હોય તેવો તેમનો વ્યવહાર છે. આજની જેમ ઉતાવળું પગલું ભરતા નહિ રાજવીને ખાત્રી હતી છતાં જાત તપાસ કરવાનો નિર્ણય કર્યો રસોડું સવારના બારસુધી ચાલે, એક સમય રાજવી પોતે વેશપલટો કરી અગિયાર વાગે લાઈનમાં બેસી ગયા.

દેવી વ્યવસ્થા જાળવતા હતા. પોણાબાર થયા ૫-૭ ભોજનવાળા બાકી હતા. અને એક જૈન સાધુ ભગવંત પધાર્યા. અને ધર્મલાભ કહેતાની સાથે દેવીનું ધ્યાન ગયું. અને પધારો - પધારો કહી નજીક આવ્યા. ગુરૂજીએ પાત્ર મુક્યું. દેવીએ જે વ્યવસ્થા હતી તે કહ્યું ગુરૂએ કહ્યું ઘૃત (ઘી) નો ખપ છે. તૂરત દેવીએ ઘીનો ઘડો મંગાવી વહોરાવતા પાત્ર છલકાઈ ગયું અને ઘૃત પાત્રની બહાર આવી ગયું. ગુરૂ ભગવંત કહે દેવી સંભાળો ઘૃત બહાર આવે છે. ભાવ વિભોર થયા અને તેજ ઘડીએ કર્મના ભૂક્કા બોલાવી દીધા અને તરત પોતે પહેરેલ કિંમતી સાડીનો પાલવ-છેડો ખેંચી ઝડપથી પાત્ર લુંછી નાખ્યું. ગુરૂભગવંત કહે છે. બાજુમાં કપડું પડ્યું છે સાડીનો છેડો ઘૃતવાળો થયો દેવી કહે છે. ગુરૂ ભગવંત આ બધી વ્યવસ્થા અમારા દયાળુ રાજવી તરફથી થાય છે. અમે તો તેમના સેવક છીએ. આ બધું પુણ્ય તેમનું છે. મેં તો માત્ર મારા સાડીના છેડાથી પાત્ર લુછ્યું તેટલું જ પુણ્ય મારું છે. આ સાંભળી રાજવી ઉભા થઈ ગયા. દેવી ઓળખી ગયા બોલ્યા ! અરે આ તો આપણા રાજવી છે. રાજવી કહે - અનુપમાબેન બસ કરો મેં બધું જોયું - સાંભળ્યુ છે, મારા કાન ભંભેરવામાં આવ્યા હતા. દેવીએ તુરત બંને ભાઈઓને બોલાવી પોતાની હવેલીમાં મહારાજાની વ્યવસ્થા કરી રાજમહેલમાંથી તેઓનો પોષાક મંગાવ્યો. આટલું લખતા આંખો ભીની થઈ જાય છે. કે પૂ. પિતાશ્રીએ પોતાની કથામાં કેવુ વર્ણન કર્યું છે ! મેં તો અલ્પ જ્ઞાને લખ્યું છે.

દેવી અત્યારે મહાવિદેહ ક્ષેત્રમાં શ્રી સીમંધરદાદાની પર્ષદામાં કેવલી ભગવંત છે. દાદાને અને તેમને કોટીકોટી વંદના.

વિસ્તારથી કહેવાનો આશય એટલો છે કે ગુરૂની વાણી અને ગોચરીનો શુ પ્રભાવ છે.

હાલના સમયે ઉપરના ભાવ જળવાય તેવી મારી નમ્ર વિનંતી છે. અને આ પૂન્યાનુંબંધી પૂન્ય પેદા કરવાથી શક્ય બને છે.

લેખમાં જિનાજ્ઞા વિરૂદ્ધ કંઈજ કહેવાયું હોય કે જાણતા અજાણતા દોષ થયો હોય તો અતિ વિનમ્ર ભાવે મિચ્છામી દુક્કડમ.

**અગર આપ કંઇ લેવા ઇચ્છો છો, તો કંઇ દેતા પણ શીખો. જે વ્યવહાર આપને પસંદ નથી એવો બીજા સાથે આપ દ્વારા કદાપી ન હો.**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# દુવા ખાઓ : દુઃખ નિવારો : સુખી થાઓ

પ.શ્રી ચંદ્રશેખર વિજયજી મ.

સાચા અર્થમાં સુખી થવું હોય તો ધનથી સુખી થવાતું નથી. દુનિયામાં એવી કોઈ દુકાન નથી જ્યા ધન આપીને 'સુખ' નામની વસ્તુ ખરીદી શકાતી હોય.

દુકાનોમાં ધનથી સુખની સામગ્રીઓ મળે છે, સુખ નહિ.

સુખ પામવું હોય તો ચાર વસ્તુઓને જીવનમાં અપનાવવી જોઈએ.

(૧) સંતોષ : ભૂખણ કવિ, પુણિયોશ્રાવક, એરીસ્ટોટલ, તુકારામ વગેરેને જે મળ્યું તેમાં ખૂબ સંતોષથી રહેતા. સામેથી મળતું ધન પણ તેમણે ઈન્કારી દીધું હતું.

(૨) સાદગી : સાદગી તો ભાઈ ગાંધીજીની કે લાલબહાદૂરશાસ્ત્રીની. રાષ્ટ્રપિતા - વડાપ્રધાન હોવા છતાં કોઈપણ પ્રકારના ભપકાનું નામ નિશાન ન મળે. વાઈસરોય જેવાને પણ ચટાઈ ઉપર જ બેસવું પડતું.

(૩) કરકસર : કોઈપણ ચીજવસ્તુને ખૂબ કરકસરથી વાપરવી જોઈએ. ભલે પછી તે મેળવવા માટે ધન વિગેરે વિપુલ પ્રમાણમાં હોય.

રાતે વાપરવા માટે જરૂરી પાણી ગાંધીજી એક જ લોટી જેટલું રાખતા. તે કહેતા કે ગંગા નદીના ધસમસતા પાણી ઉપર ૩૨ ક્રોડ ભારતીય પ્રજાનો અધિકાર છે. મારો અધિકારી એક જ લોટા જેટલા પાણીનો છે.

(૪) દેખાદેખીનો અભાવ : બીજાના ઘરમાં (કે ટી.વી. ઉપર) સારી વસ્તુ જોતાં જ તે મેળવવાની ઈચ્છા બહુ ખરાબ કહેવાય.

બીજાની થાળીમાં પીરસાયેલી લાપસી જોઈને પોતાની થાળીની કુસકી ઉપર મોં ન મચકોડાય.

દેખાદેખીનું ઝેર બહેનોમાં પુષ્કળ જોવા મળે છે.

આ ચાર વસ્તુની સાથે ખૂબ મહત્વની સુખી થવાની નવી વસ્તુ બતાડું.

ગરીબોના દુઃખનું નિવારણ કરો, તેમની આંતરડીમાંથી નીકળી જતી દુવા ખાઓ.

ખૂબ જોરદાર દયા કરો, તે સ્તબ્ધ થઈ જાય તેવી ઉદારતા દાખવી દો. એ વખતે મળી જનારી દુવા તમને ભરપૂર સુખ આપી દેશે.

જો હાય સત્યાનાશ કાઢી નાખે તો દુવા ભરપૂર સુખ આપી દે કે આફત નિવારી દે.

# પરમાત્માની પૂજા શા માટે ?

ઉપકારી એવી એક નિર્જીવ વસ્તુને, કે પશુને કે સામાન્ય માનવીને પણ આપણે આદર આપીએ છીએ તો દરરોજ પ્રકાશ પાથરતા, ઝળહળતા સૂર્યનો શું આપણા જીવન પર ઉપકાર નથી ? સૂર્ય મૂકભાવે પ્રકાશ આપે છે. ચેતના આપે છે. વૃક્ષોનું ધાન્યોનું પોષણ કરતાં ચંદ્ર માનો પણ આપણા પર ઉપકાર છે. જળ એ તો જીવન છે. વરસાદનો પણ આપણા પર કેટલો ઉપકાર ! તો શું આ પ્રાકૃતિક બળોને આપણે આદર નહીં આપીએ ? અને એ સર્વ પ્રાકૃતિક બળોના આધાર, સંચાલક એવા પરમાત્માને આપણે આદર નહીં આપીએ ? આદર સન્માન આપીશું જ. એ જ તો પૂજા છે. ઉપકારી પ્રત્યે અપકારી થવાનુ, કૃતઘ્ની થવાનું આપણને પરવડે તેમ નથી એટલે પૂજા કરીએ છીએ.

ભગવાનના, પરમાત્માના, તીર્થંકર ભગવંતોના અગણિત ઉપકારો પ્રતિ કૃતજ્ઞતા વ્યક્ત કરવા માટે જ પરમાત્માની પૂજા કરીએ છીએ. પૂજા આપણને પ્રેમ કરતાં શીખવે છે. પૂજાથી ઉપકારના ઋણનો ભાર અંશતઃ ઉતરે છે. પૂજાથી જીવનમાં સદ્‌ગુણોની વૃદ્ધિ થાય છે. પૂજા આપણને જીવન આપે છે. પૂજાથી કૃતાર્થતા પ્રગટે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સમાચાર સૌરભ

**ભાવનગર - દાદા સાહેબ ખાતે ભક્તિ મહોત્સવની ઉજવણી :** પૂ. આ.શ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી મ.સા. પૂ. આ.શ્રી જયસુંદરસૂરીશ્વરજી મ.સા. આદિ ૧૦૦ ઉપરાંત પૂ. સાધુ - સાધ્વીજી મ.સા. ની શુભ નિશ્રામાં પુણ્ય પ્રયાગ મહોત્સવની શાસન પ્રભાવક ઉજવણી કરવામાં આવી હતી. જેમાં બે મુમુક્ષુઓની દીક્ષા, ૧૦૦મી ઓળીના પારણા તથા પંન્યાસપદ પ્રદાન નિમિત્તે સકલ શ્રી-સંઘનું સ્વામી વાત્સલ્ય રાખવામાં આવેલ. આ મહોત્સવના સુઅવસરે દાદા સાહેબ દેરાસર ખાતે સુંદર ચિરોડી પ્રદર્શન, શણગાર અને લાઈટ ડેકોરેશન દ્વારા જિનાલયને દૈદીપ્યમાન બનાવવા અનેક યુવા શ્રાવકોએ સતત જહેમત ઉઠાવી હતી.

**પાલીતાણા ગિરિરાજની સેવાને બિરદાવતો બહુમાન કાર્યક્રમ :** પૂ. આ. શ્રી ગુણયશસૂરિજી મ.સા. તથા પૂ.આ.શ્રી કીર્તિયશસૂરિજી મ.સા. આદિની શુભ નિશ્રામાં ગરવા ગિરિરાજ અને પાલીતાણાના દેરાસરોના પ્રભુ ભક્તિમાં સહાયક બનતાં દરેક પુજારી ભાઈઓ, શેઠશ્રી આણંદજી કલ્યાણજી પેઢીના મેનેજર સહિત દરેક કર્મચારીઓ, ડોળીવાળા ભાઈઓ અને ગિરિરાજ પરના દરેક શ્રમજીવી ભાઈ - બહેનો વિગેરેની સેવાને બિરદાવવા ધાનેરા નિવાસી ચંપાબેન જયંતીલાલ દાનસંગભાઈ અજબાની પરિવાર દ્વારા આયોજીત ભવ્ય નવાણું યાત્રાની પૂર્ણાહૂતિ પ્રસંગે તા.૮-૧-૦૬ ના રોજ અન્ન - વસ્ત્ર - પાત્રની સુંદર કીટ અજબાની પરિવાર દ્વારા અર્પણ કરવામાં આવેલ.

**શ્રી સાવરકુંડલા જૈન વિદ્યાર્થી ગૃહ :** આ સંસ્થામાં વિદ્યાર્થીઓને ધોરણ ૫ થી કોલેજ સુધી પ્રવેશ અપાય છે, તેમ જ સાધારણ આર્થિક સ્થિતિના બાળકોને માફીમાં પ્રવેશ અપાય છે. શ્રેણી ૭ થી ૧૨ સુધીના બાળકોને નિ:શુલ્ક શિક્ષણ આપવામાં આવે છે. સંસ્થામાં જૈન સમાજના બાળકને દાખલ કરવા માટે ટપાલ લખી પ્રવેશ ફોર્મ મંગાવી લેવું અને ભરીને મોકલી આપવું. સંપર્ક : શ્રી સાવરકુંડલા જૈન વિદ્યાર્થી ગૃહ, જે.વી. મોદી હાઈસ્કૂલ પાછળ, સાવરકુંડલા (જિ.અમરેલી) ફોન : ૦૨૮૪૫-૨૨૨૦૮૯ તથા શેઠ બ્રધર્સ, ૧/૩ ઈસાજી સ્ટ્રીટ, પુરશોત્તમ ભુવન, મુંબઈ - ૩. ફોન : ૨૩૪૧૧૩૩૨.

**કલ્યાણમાં ઉજવાયો 'કલ્યાણ શ્રુત વિશેષાંક' સમર્પણ સમારોહ :** સિધ્ધ હસ્ત લેખક સાહિત્ય સમ્રાટ પૂ.આ.શ્રી વિજયપૂર્ણચંદ્ર સૂરીશ્વરજી મ.સા. તથા પં. શ્રી યુગચંદ્ર વિજયજી ગણિવર્યની તારક નિશ્રામાં શ્રી રાજસ્થાન જૈન સંઘ - કલ્યાણ વેસ્ટ ખાતે તા.૨૩ માર્ચના (૧) શ્રુત વિશેષાંક કલ્યાણ ગ્રંથનું વિમોચન (૨) રાજસ્થાન જૈન સંઘના આંગણે સામુદાયિક વર્ષીતપનું આયોજન (૩) પૂ.આ.શ્રી પૂર્ણચંદ્રસૂરિજી મ.સા.નું આગામી ચાતુર્માસ પેણ મુકામે તથા (૪) શ્રુત મહાપૂજાની આંશિક ઝાંખી રજૂ કરતી નમણીય રચના ઉપાશ્રયના ત્રણેય ફલોરમાં ગોઠવાઈ હતી.

**સાભાર સ્વીકાર :** પથપ્રદર્શક પ્રતિભાઓ : વિવિધ ક્ષેત્રની વિશિષ્ટ પ્રતિભાઓનો પરિચય કોશ ગ્રંથ પાના ૮૧૨ કિંમત રૂા. ૩૫૦/- તથા શ્રી ચતુર્વિધ સંઘ : તવારીખની તેજછાયા : પ્રતિભાવંતોનો કીર્તિ કળશ ગ્રંથ પાના ૯૯૯ કિંમત રૂા. ૪૦૦/- બન્ને ગ્રંથોના સંપાદક શ્રી નંદલાલભાઈ બી. દેવલુક શ્રી અરિહંત પ્રકાશન, પદ્માલય, ૨૨૩૭/બી/૧, હીલડ્રાઈવ, પોર્ટ કોલોની પાછળ, વાઘાવાડી રોડ, ભાવનગર - ૩૬૪ ૦૦૨. ફોન : ૦૨૭૮-૨૫૬૨૬૯૦.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રેયસના ઉપક્રમે યોજાઈ ગયેલ તેજસ્વી વિદ્યાર્થીઓનો સત્કાર સમારંભ

શ્રી શ્રેયર્સ જૈન મિત્ર મંડળ - ભાવનગરના ઉપક્રમે ગત તા.૨-૪-૦૬ના રોજ સભાજના ધો.૧ થી ૧૨ અને ગ્રેજ્યુએટ, પોસ્ટ ગ્રેજ્યુએટ, એન્જિનીયર, ડોક્ટર વિગેરેના તેજસ્વી સફળતાને બીરદાવતો સન્માન અને પારિતોષિક એનાયત કરવાનો એક ભવ્ય કાર્યક્રમ યશવંતરાય નાટ્યગૃહમાં યોજવામાં આવેલ.

ધો.૧ થી ૬ના વિદ્યાર્થીઓનો સમારંભ શ્રીમતી હર્ષાબેન મહેન્દ્રભાઇના પ્રમુખ સ્થાને અને શ્રીમતી ભાવનાબેન તથા હંસાબેન મોતીવાળાના તથા શ્રેણી ૭ થી ૧૨, ગ્રેજ્યુએટ અને ઉચ્ચ અભ્યાસીઓનો શ્રીમાન રસીકલાલ ધનજીભાઇ વોરાના પ્રમુખ સ્થાને અને શ્રીમાન પ્રકાશભાઇ રસીકલાલ મોતીવાળાના અતિથીવિશેષપદે યોજવામાં આવેલ.

સંસ્થાની વિસ્તૃત રૂપરેખા મંત્રીશ્રી નવીનભાઇ કામદારે આપેલ. આ પ્રસંગે ભાવનગર જૈન સંઘના પ્રમુખશ્રી, ઉપપ્રમુખશ્રી, કારોબારીના સભ્યશ્રીઓ, ઉપરાંત પ્રતિષ્ઠિત ગૃહસ્થો, ડોક્ટરો અને સમાજના વિશાળ વર્ગે હાજરી આપેલ.

પ્રમુખશ્રી રસીકભાઇ વોરા અને અતિથિ વિશેષ પ્રકાશભાઇ મોતીવાળાએ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં સંસ્થાના કેળવણી વિષયક કાર્યોને બીરદાવી ધન્યવાદ આપેલ.

## : શોકાંજલિ :

ભાવનગર નિવાસી શ્રી લક્ષ્મીચંદભાઈ ખીમચંદભાઈ શાહ (ઉ.વ.૮૨) ગત તા.૧૨-૨-૦૬ ને રવિવારના રોજ સ્વર્ગવાસી થયા છે.

સદ્‌ગતશ્રી આ સભાના પેટ્રન મેમ્બરશ્રી હોવા ઉપરાંત આ સભાના વિવિધ સદ્‌કાર્યોમાં તેઓશ્રી આર્થિક રીતે પણ સહયોગ આપતા રહ્યાં છે. સદ્‌ગતશ્રીના પૂ.પિતાશ્રી સ્વ.ખીમચંદભાઈ ચાપશીભાઈ શાહે આ સભાના પ્રમુખપદે લગભગ પંદરેક વર્ષ માનદસેવા આપી સભાનું નામ રોશન કર્યું હતું. તેમજ સદ્‌ગતશ્રીના લઘુબંધુ શ્રી પ્રમોદકાંતભાઈ ખીમચંદભાઈ શાહે પણ આ સભાના પ્રમુખપદે પંદરથી સત્તર વર્ષ માનદ્ સેવા આપી છે. આજે પણ સભાના કોઈપણ કાર્યમાં તેઓશ્રી તન - મન - ધનથી સહયોગી બની રહ્યાં છે.

શ્રી લક્ષ્મીચંદભાઈ સદ્‌ગુણી સજ્જનોમાંના એક વિરલ વ્યક્તિ હતા. તેમના સ્વર્ગાગમનથી આ સભા અત્યંત શોકની લાગણી અનુભવે છે. અને તેમના કુટુંબ - પરિવાર ઉપર આવી પડેલ આ દુઃખમાં આ સભા સમવેદના પ્રગટ કરે છે. સાથે સાથે સદ્‌ગતશ્રીના આત્માને પ્રભુ પરમ શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરે છે.

લી. શ્રી જૈન આત્માનંદ સભા - ભાવનગર.

શુભેચ્છા સાથે....

ધોળકીયા ગ્રુપ ઓફ ઈન્ડસ્ટ્રીઝ

ધોળકીયા રણછોડદાસ ઝીણાભાઈ, પો. બો. નં. ૭૧, શિહોર- ૩૬૪ ૨૪૦.

ફોન : ઓફિસ :- ૨૨૨૦૩૭, ૨૨૨૩૩૮, ૨૨૨૨૪૪,

૨૨૨૦૧૨, ૨૨૨૨૪૨, ૨૨૨૬૭૭

ફેક્સ નં.: ૦૦૯૧ - ૨૮૪૬ - ૨૨૬૭૭

ટેલીગ્રામ - મહાસુગંધી, શિહોર.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ચાર નિક્ષેપે ધ્યાઈએ, નમો નમઃ શ્રી જિનભાણ

પૂ. આ. શ્રી વિજય ભુવનભાનુસૂરિજી મ.ના શિષ્ય પં. શ્રી ગુણસુંદરવિજયજી મ.

પ્રશ્ન : રામવસરણ ઉપર બિરાજમાન અશોકવૃક્ષ વગેરે આઠ મહા-પ્રાતિહાર્યની શોભાવાળા, તીર્થંકરનામ કર્મના રસોદયથી તીર્થંકર નામકર્મને યોગ્ય બાહ્ય ઋદ્ધિવાળા, કેવળજ્ઞાની ભગવંત એટલે કે ભાવ જિનેશ્વરની સેવા-ભક્તિ ઉપાસના- આરાધના શુભ સુંદર ફળ પ્રદાયક બને એતો સમજી શકાય છે પણ એમનું નામ, એમની સ્થાપના, એમની જિનેશ્વર પહેલાની ઉપાસના આદિથી શો લાભ થાય? વાસ્તવિક મહત્વ તો ભાવનું જ કહેવાયને?

જવાબ : ભાવની જેમ જ નામ, સ્થાપના દ્રવ્યની પ્રધાનતા વિચારીએ/ભાવ તીર્થંકરોને પણ જેઓ ભાવ તીર્થંકર તરીકે સ્વીકારે છે એમને જ એમનાથી લાભ થાય છે, નહીંતર ન જ થાય.

સાક્ષાત સમવસરણમાં પ્રભુનો ઉપદેશ સાંભળી પ્રભુના મધુરકંઠના શબ્દોનું પાન કરી માથું ડોલાવતા અભવ્ય આત્માઓ-મિથ્યાત્વી પાખંડીઓને ભાવ તીર્થંકર કશો જ આત્મિક લાભ કરી શકતા નથી, જ્યારે પ્રભુના નામ ઋષભદેવ-શાંતિનાથ-નેમિનાથ-પાર્શ્વનાથ-વર્ધમાનસ્વામી આદિના સ્મરણ દ્વારા પણ જેમને પ્રભુના ઉપકાર-જીવન-ગુણો-સ્વરૂપ યાદ આવે છે એમને માટે પ્રભુનું નામ પણ ભાવ તીર્થંકર જેટલું જ ઉપકારી બને એ વાત કોણ વિચારવંત નહીં સ્વીકારે? સાચો ચોર જો ડર પેદા કરી શકે છે તો 'ચોર આવ્યો!' એવા શબ્દો પણ ડર પેદા કરી શકે છે. એ વાત અનુભવસિદ્ધ છે. સુવાવડી બાઇને ભાવરૂપે બાબલો જો આનંદપ્રદ બને છે, તો 'બાબો જન્મ્યો' એવા શબ્દો પણ આનંદપ્રદ બને જ છે ને? બેન્ક વગેરેના લેવડ-દેવડના વ્યવહારમાં ભાવ વ્યક્તિ કરતાં પણ એની નામરૂપે રહેલી સહી (સીગ્નેચર) ખાસ કાર્ય સાધક બને છે. મંત્રપેદોથી જો દેવતાને સમીપમાં લાવી શકાય છે તો નામના જાપથી તીર્થંકર ભગવંતોને મનમાં લાવી શકાય છે. જ

જેવું નામનું છે તેવું જ સ્થાપના જિનેશ્વરનું મહત્વ સમજી શકાય છે. પિતાજી તરફના પૂજ્ય ભાવને લીધે પિતાજીની ફોટો પણ પિતાજીના ઉપકારો-ગુણો-જીવન વગેરેના સ્મરણ દ્વારા ભાવ-પિતાજી જેટલો જ વિનયગુણપ્રાપક બની શકતો હોય છે. સ્થાપનરૂપે રહેલા દ્રોણાચાર્ય ભાવ દ્રોણાચાર્ય જેટલો જ ભીલ એકલવ્ય ને લાભ કરેલો જ એ વાત આધ્યાત્મિક દુનિયામાં સુપ્રસિદ્ધ છે. ક્રોસરૂપે, મસ્જિદ-કબરરૂપે, ગુરૂ સમાધિ-પગલારૂપે, રાષ્ટ્રીય ધ્વજ આદિરૂપે મુદ્દારૂપે અરે આઈડિન્ટીટી કાર્ડના ફોટા આદિ રૂપે સ્થાપના નિક્ષેપો ભાવનિક્ષેપો જેટલો જ ઉપયોગપ્રદ સ્વીકારાય જ છે ને? બ્લુ ફિલ્મ, હોરર ફિલ્મના દશ્યોની ભયંકરતા આખું જગત અનુભવી રહયું જ છે ને? જો પાંચસો રૂપિયાની ચલણી નોટ, ૫૦૦રૂા. ના ચલણી સીક્કા જેટલી જ ફળપ્રદાયક હોય તો બન્નેની સાઇઝ-કલર-વજન ચકચકાટ વગેરેના ફેરફારમાં અટવાઈ જવામાં બુદ્ધિમતા કેટલી? યાદ રહે:- જિનેશ્વરની પ્રતિમા જિનસરખી સુખદાય.

ભાવ-જિનેશ્વરપણા પહેલાની દ્રવ્ય તીર્થંકરની અવસ્થામાં રહેલા શ્રી તીર્થંકર ભગવંતોના જીવો દા.ત. ચ્યવન વખતના, જન્મ વખતના-દીક્ષા વખતના અને સિધ્ધાવસ્થામાં રહેલા એ પૂજ્યોનો આત્મા નામસ્મરણ આદિ દ્વારા ઉપકારક બને જ છે એ વાતમાં કોણ સુજ્ઞ આનાકાની કરે? યુવરાજમાં પણ રાજાનો, ઘીમાં પણ આયુષ્યનો, દવામાં પણ જીવનનો વ્યવહાર જગત કરતું જ હોય



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. બનતું પણ બનેલું, કરાતુ પણ કરેલું, જતું પણ પહોંચેલું એવો વ્યવહાર શું નકામો ગણાય છે? જ્યારે પણ કેરી પ્રાપ્ત થશે ત્યારે આંબાના છોડ આદિમાંથી થશે. આંબલીના ઝાડમાંથી નહીં જ.

જગતના તમામ પદાર્થોને લાગું પડતું આ નામ-સ્થાપના-દ્વારા ભાવરૂપ ચાર નિક્ષેપાનું તાત્ત્વિક સ્વરૂપ વિસ્તારથી ખાસ સમજવા જેવું છે.

જેહથી તરીએ તે તીરથ રે એ શાસ્ત્રોક્તિથી જો ભાવ તીર્થંકર ભવોદ્દધિકારક છે તો એજ પ્રભુના નામ-સ્થાપના-દ્રવ્ય નિક્ષેપા પણ આત્મિક લાભપ્રદ છેજ અને એથી તીરથ છે જ.

**ફલમિત્થ પહાણં બુહાણં :-** ડાહયા માણસો ફળને જ પ્રધાન ગણે છે. એ ન્યાયે ભાવનિક્ષેપાની જેમ દ્રવ્ય નિક્ષેપે - નામ નિક્ષેપે - સ્થાપના નિક્ષેપે રહેલા જિનેશ્વર દેવ શુભ ફળપ્રદાયી સમજવા જ રહયા. શુદ્ધ સમકિતીને પ્રભુની પ્રતિમાં પ્રકૃષ્ટ શુદ્ધ અધ્યવસાયની સામગ્રી સ્વરૂપ દિસે છે. માટી અને સોનું ભલે પૃથ્વી કાયના કલેવરરૂપે એક સમાન હોય પણ વિવેકીને મન માટી અને સોનાનો ભેદ સ્પષ્ટ હોય છે. જ્ઞાન અને ધ્યાન બન્ને મોક્ષમાર્ગ સ્વરૂપ છે. જ્ઞાન માટે જેમ પંચાંગી જિનાગમનું આલંબન જરૂરી છે તો ધ્યાન માટે જિનપ્રતિમાનું આલંબન પણ મહત્વનું છે એવું સમ્યગદર્શન ગુણવાળાને બહુ સ્પષ્ટરૂપે ભાસતું હોય છે.

## સા - હોગા

ઉજ્જેણીનગરી છે. અહીં બે વ્યાપારીઓ રહે છે. એ બન્ને પોત - પોતાના વ્યાપાર માટે નિમિત્તયાને પૂછે છે. નિમિત્તિયો એમને જે જવાબ આપે એના આધારે આ વ્યાપારીઓ ધંધો કરે છે અને એમને મનગમતી કમાણી થાય છે એક વખત આ નિમિત્તિયાને જરૂર પડી પૈસાની એમણે આ માટે પોતાના સંબંધીને મોકલ્યો તો એક વ્યાપારીએ જરૂરિયાત મુજબની રકમ આપી દીધી. બીજો કહે, 'પૈસા એમ કાંઈ ન મળે. શું પૈસા મરઘી પેદા કરે છે?' સિઝન નો ટાઈમ થતા બન્ને વ્યાપારીઓ અલગ અલગ રીતે વ્યાપાર શેનો કરવો ? કેવી રીતે કરવો ? એવું પૂછવા માટે નિમિત્તિયા પાસે ગયા. નિમિત્તિયાએ બન્નેને અલગ અલગ વ્યાપારની સલાહ આપી. પ્રસંગે નિમિત્તિયાને પૈસા આપનારને અઢળક ધનની કમાણી થઈ, બીજો બીચારો મોટી ખોટમાં આવી ગયો. એ રોતો રોતો નિમિત્તિયા પાસે આવ્યો, પોતાની અનહદ ખોટની વાત કરી તો નિમિત્તિયાનો જવાબ મળ્યો, 'શુ નિમિત્ત મરઘી પેદા કરે છે ? એ કાંઈ એમ જ મફતમાં થોડું મળે ?' આ વાત અહીં પૂરી થાય છે.

સુખ મળે છે ધર્મથી - શુભ દાન - શીલ - તપ - ભાવથી. સુખ મેળવવાની ઈચ્છાવાળા - ભાવનાવાળા ધર્મને ભૂલી જઈ પાપને - સંગ્રહખોરીને - અસદાચારને - ખાઉં - ખાઉંની વૃત્તિને અને અશુભભાવોને વળગી રહે તો પછીથી એમને સુખ મળે શી રીતે ? જગતમાં દેખાય છે કે કાંઈક મેળવવા કાંઈક છોડવું પડે છે જ. સંપૂર્ણ કાયમી અપેક્ષારહિતનું સુખ આપવા સજ્જ છે સદ્દધર્મ, પણ એનું આચરણ તો કરવું પડેને ? ભલા વાવ્યા વગર તે અનાજ ઊગતું હશે ? મન - વચન - કાયા - ધનથી શુભ કાર્ય કર્યા વગર શુભ ફળની આશા એ બાવળિયો વાવીને આમ્રફળ મેળવવાની આશા જેવી મૂર્ખાઈ નથી શું ?

- પં. ગુણસુંદરવિજયજી ગણી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સાચી સિદ્ધિ

લે. સ્વ. મોહનલાલ ચુનીલાલ ધામી

ભારતવર્ષનો સુવર્ણ યુગ ચાલતો હતો. ભારતીય જનતા : દરેક વાતે સુખી અને સમૃદ્ધ હતી.

જ્ઞાન અને વિજ્ઞાનમાં ભારતની શકિત પૂર્ણતાએ પહોંચી હતી.

ધર્મના ઉપકારક તત્વો એ ભારતીય સંસ્કૃતિની સાચી મૂડી હતી.

જનતાને રાગ કરતાં ત્યાગમાં વધારે આનંદ હતો.

સંગ્રહ કરતાં દાનમાં વધારે રસ હતો અને ભોગવિલાસ કરતાં ચારિત્ર્ય ઘડતરમાં પૂરો ઉત્સાહ હતો.

જ્ઞાની પુરૂષોએ દરેક દિશાનો વિચાર કરીને સંસ્કૃતિનો પ્રવાહ ત્યાગ માર્ગ તરફ વાળ્યો હતો.

સિદ્ધિ હતી, સમૃદ્ધિ હતી, શકિત હતી અને સ્વર્ગને શરમાવે એવી શોભા પણ હતી. પરંતુ આ બધું જીવન માટે અર્થશૂન્ય છે એમ જ્ઞાનીઓએ અનુભવથી જોયું હતું. પરિણામે મોટા ભાગના લોકો આવાં આવાં ભૌતિક સુખોના દાસ બનીને પોતાનું માનવ જીવન વેડફી નાખતા નહોતા.

આવા સુવર્ણ યુગમાં ત્યાગ માર્ગની મશાલ સમો જૈનધર્મ સારાયે દેશમાં નિર્મળ પ્રકાશ વેરી રહ્યો હતો.

એ વખતે જૈનાચાર્ય શ્રી પાદલિપ્તસૂરિ દેશની અજોડ સંપત્તિ ગણાતા હતા.

વિજ્ઞાન એમના ચરણમાં રમતું હતું.... જ્ઞાન એમના મસ્તક પર બિરાજતું હતું.

શ્રી પાદલિપ્તસૂરિએ વનસ્પતિઓના યોગથી આકાશગમન સિદ્ધિ કર્યું હતું. અને તેઓ નિયમિત એ વાનસ્પતિક વિલેપન કરીને પાંચ તીર્થોના દર્શન કરતા.

આ અદ્દભૂત વિજ્ઞાનનો ઉપયોગ આચાર્યશ્રી કેવળ પ્રભુદર્શન નિમિત્તે જ કરતા હતા.

આવા અપૂર્વ વિજ્ઞાનની ખબર સિદ્ધ નાગાર્જુનને પડી અને તે પાદલિપ્તસૂરી પાસે આવ્યો. આકાશગમન ઔષધ જાણવા ખાતર તેણે આચાર્યની ભક્તિપૂર્વક સેવા કરવા માંડી.

આચાર્યશ્રીએ સિધ્ધ નાગાર્જુનની ભકિત જોઈને આકાશગમનની તેમની માહિતી અર્પણ કરી.

માહિતી પ્રાપ્ત થયા પછી સિદ્ધ નાગાર્જુને પ્રયોગ શરૂ કર્યો પરંતુ થોડે ઊડીને તે પડી જવા માંડ્યો. આમ થવાથી તેના શરીર પર ભારે ક્ષત થયા.

તેની આ દશા જોઇને આચાર્યશ્રીએ ફરીવાર આકાશગમનનાં દ્રવ્યોનું જ્ઞાન આપ્યું.

વિદ્યા સિદ્ધ થઇ ગઇ અને નાગાર્જુન આકાશગમન કરવા માંડ્યો.

પાદલિપ્તસૂરિજી તો પોતાના ત્યાગ-માર્ગે વિહરવા લાગ્યા.

આ તરફ સિદ્ધ નાગાર્જુને વર્ષોના પરિશ્રમ પછી સુવર્ણસિદ્ધિ પ્રાપ્ત કરી.

સુવર્ણસિદ્ધિ પ્રાપ્ત કર્યા પછી સિદ્ધ નાગાર્જુને પોતાના પર ઉપકાર કરનારા આચાર્યને યાદ કર્યા અને પોતાના શિષ્ય સાથે સુવર્ણસિદ્ધિના રસની એક કુંપી ભરીને આચાર્યશ્રી પર પાઠવી.

નાગાર્જુનના શિષ્યે આચાર્યના ચરણમાં સિદ્ધિની કુંપી મૂકતાં કહ્યું: ''જેના ઉપર આપે મહાન ઉપકાર કર્યો છે એ મહાસિદ્ધ શ્રી નાગાર્જુને વિજ્ઞાનની અંતિમ સિદ્ધિ સમાન સુવર્ણસિદ્ધિ પ્રાપ્ત કરી છે અને આપના પર મોકલાવી છે.''

આચાર્ય મહારાજ તો કંચન અને કામિનીના ત્યાગી હતા. સમૃદ્ધિને લાત મારીને તેઓ ત્યાગ માર્ગના મશાલચી બન્યા હતા. સુવર્ણસિદ્ધિની કુંપી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સામે જોઇને તેઓ હસ્યા અને થોડી રાખ એકત્ર કરી એના પર સિદ્ધિનો બધો રસ ઢોળી નાખ્યો.

આ જોઇને નાગાર્જુનનો શિષ્ય ભારે ક્રોધાયમાન થયો.

આચાર્યશ્રીએ એ કુંપીમાં પોતાનું મૂત્ર ભરીને શિષ્યને આપતા કહું: "તાર ગુરૂને આ આપજે અને કહેજે જે સિદ્ધિ માટે વર્ષોનો પરિશ્રમ કરવો પડે છે. તે સિદ્ધિ સાધુઓ માટે અર્થ વગરની છે. સાધુની સિદ્ધિ તો કેવળ ત્યાગમાં છે.... કેવળ મુક્તિમાં છે!"

શિષ્ય મૂત્રની કુંપી લઇને પોતાના ગુરૂ પાસે ગયો અને સઘળી વાત કરી. નાગાર્જુન પોતાની સિદ્ધિનું આવું અપમાન થયેલું જાણીને ભારે ખીજાયો અને ક્રોધમાં ને ક્રોધમાં પાદલિપ્ત સૂરિજીના મૂત્રવાળી કુંપી સામેની પત્થરથી શિલા પર પછાડી.

તરતજ એ શિલા સુવર્ણની બની ગઇ.

આ જોઇને તે ચમકયો. તરત જ તે પાદલિપ્તસૂરિ પાસે ગયો અને પગમાં પડી જઇ બોલ્યો: "મહારાજ, જે વસ્તુ પ્રાપ્ત કરવા ખાતર મેં વર્ષો સુધી પ્રયત્ન કર્યો હતો, તે વસ્તુ તો આપના શરીરમાં સહજ પડી છે."

પાદલિપ્તસૂરિજીએ મધુર સ્વરે કહ્યું: "નાગાર્જુન, સાચી સિદ્ધિ તો કેવળ ત્યાગમાં જ છે. એ સિવાયની અન્ય સિદ્ધિઓ એ તો મોહનું બીજું સ્વરૂપ છે. ભૌતિક સુખો અને ભૌતિક સિદ્ધિઓ કોઇ કાળે જનાતાના શાશ્વત સુખો સર્જી શકતી નથી."

નાગાર્જુનના હૃદયમાં પડઘો પડયો: "ત્યાગ એજ સાચી સિદ્ધિ છે.... ત્યાગ એ જ સાચી સિદ્ધિ છે.

(જીવન જાગરણ પુસ્તકમાંથી સાભાર)






For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## પીઠ પાછળ નિંદા

કોઈની પીઠ પાછળ નિંદા કરવી એ આપણી કાયરતાનું લક્ષણ છે. જો કોઈના બુરાઈનો નાશ કરવાનો આપણો ઉદ્દેશ હોય તો આપણે તેની બૂરાઈ તેની સામે જ પ્રગટ કરવી જોઈએ, જેથી વિચાર કરીને તે પોતાના દોષ છોડી શકે.

એના સામે એના દોષ કહેવા એ આપણી નિર્ભયતાનું અથવા સાહસનું કામ છે; પરંતુ દોષ બતાવતી વખતે એકાંત હોવું જોઈએ, જો આપણે બીજાઓની હાજરીમાં કોઈના દોષ બતાવીએ તો તે ક્ષોભજનક નિંદા બની જાય છે. એમા દોષ કરનારને સુધરવાની હિતૈષિતાપૂર્ણ મનોવૃત્તિને બદલે તેને અપમાનિત કરીને પોતાના અહંકારનું પોષણ કરવાની દ્વેષપૂર્ણ મનોવૃત્તિ કામ કરવા લાગે છે. આ ખરાબ વસ્તુ છે. તેને સુધારવા માટે એ જરૂરી છે કે આપણે દોષીના દોષ એકાંતમાં મધુર શબ્દો દ્વારા તેને બતાવીએ. તેનાથી તે દોષોને છોડવાનો અને પોતે પોતાની જાતે સુધરવાનો પ્રયાસ કરી શકે.

કોઈની પણ ગેરહાજરીમાં તેની નિંદા કરવી એ ભયંકર પાપ છે. પીઠનું માંસ ખાવા બરાબર છે; માટે સર્વથા ત્યાજ્ય છે.

દેશવૈકાલીક સૂત્ર ૮/૪૭

## પ્રશંસાનો મોહ

જો આપણે સારા કામ કરીશું તો લોકો આપણી પ્રશંસા કરશે જ. પ્રશંસાના શબ્દો બહુ મીઠા લાગે છે, કાનને પ્રિય લાગે છે. પરંતુ કર્ણપ્રિય શબ્દોમાં આપણી આસક્તિ ન હોવી જોઈએ. નહિ તો એવો સંભવ છે કે  આપણને ધૂર્તો દગો દઈ દે છે.

પ્રશંસા ખોટી પણ થઈ શકે છે. માખણિયા અથવા ખુશામતી ટટ્ટુઓનું આ જ મુખ્ય કામ હોય છે. તેઓ ખોટી પ્રશંસાથી બીજાના મન પ્રસન્ન કરીને પોતાનું કામ કાઢી લે છે - પોતાનો સ્વાર્થ સિધ્ધ કરે છે.

આ જ કારણ છે કે કાનોને પ્રિય લાગનારા પ્રશંસાના મધુર શબ્દો તમને આસક્ત રહેવાવાળી વ્યક્તિ સદા - સર્વદા સર્વત્ર ખુશામતિયાથી  ઘેરાયેલી રહે છે અને એમના શબ્દોને - એમની પ્રશંસાને દુનિયાની અથવા સમાજની પ્રશંસા સમજીને અભિમાનમાં ફૂલ્યા સમાતા નથી. આ પ્રમાણે તેઓ છેતરાય છે અને પોતાના જીવનને નિષ્ફળ બનાવે છે.

આવા જ માણસોને ઉપદેશ દેતા જ્ઞાનીઓએ કહ્યું છે કે કર્ણપ્રિય શબ્દો તરફ આસક્તિ ન રાખો - પ્રશંસાનો મોહ છોડો.

બોધ : કાનોને સુખ દેવાવાળા મધુર શબ્દોમાં  આસક્તિ ન રાખવી જોઈએ.

દશવૈકાલિક સૂત્ર ૮/૨૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એપ્રીલ - ૨૦૦૬ ❑ RNI No. GUJGUJ/2000/4488

पुष्णन्ति मायिनो हिंसामात्मानं पातयन्ति च ।
सदैव सुखिनः सन्ति न्याय्यव्यापारकौशलाः ॥

卐

દગાબાજ માણસો દગાબાજીથી હિંસાને પોષે છે
અને પોતાના આત્માની અધોગતિ કરે છે,
જ્યારે જેમની વ્યાપારિક કુશલતા ન્યાયસર છે
તેઓ હમેશા સુખી અને આનંદી છે.

卐

Those who are fraudulent,
nourish sin of Hinsa and degrade
themselves, whereas those whose
avocational cleverness is just
and honest,are always happy

*(કલ્યાણભારતી ચેપ્ટર - ૫,*
*ગાથા : ૩૩, પૃષ્ઠ - ૧૨૮)*

卐

BOOK-PACKET CONTAINING PERIODICAL

પ્રતિ,

FROM :
**શ્રી આત્માનંદ પ્રકાશ**
ઠે. શ્રી જૈન આત્માનંદ સભા,
ખારગેઈટ, ભાવનગર-૩૬૪૦૦૧
ફોન : (૦૨૭૮) ૨૫૨૧૬૯૮

**તંત્રી :** શ્રી જસવંતરાય સી. ગાંધી
**મુદ્રક અને પ્રકાશક :** શ્રી જૈન આત્માનંદ સભા, વતી શ્રી જસવંતરાય સી. ગાંધીએ ધનશ્યામ ઓફસેટ, નિલકંઠ મહાદેવ મંદીર સામે, ભગાતળાવ, ભાવનગર-૩૬૪ ૦૦૧ માં છપાવેલ છે અને શ્રી જૈન આત્માનંદ સભા, ખારગેઈટ, ભાવનગરથી પ્રસિદ્ધ કરેલ છે.

For Private And Personal Use Only